પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૫, અંકઃ૨૭, કુલ પાનાઃ૪, તારીખઃ ૨૩-૦૯-૨૦૨૧ ગુરૂવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 27 PRICE :-RS. 1.50 DATE : 23-09-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### દેશમાં તાવ, શરદી, ઉધરસ જેવી સામાન્ય બિમારીઓની જેમ કોરોના રહેશે

# ભારતમાં હવે નહીં આવે ત્રીજી લહેર : રણદીપ ગુલેરિયા



ન્યુ દિલ્હી,

ભારતમાં ધીમે ધીમે કોરોનાની ગતિ ધીમે પડી ગઈ છે ત્યારે નવા કેસોની સંખ્યા પણ ઓછી થઈ ગઈ છે અને દેશના ઘણા ખરા રાજ્યો તથા શહેરોમાં તો એક પણ કેસ નોંધાતા ન હોવાને કારણે સરકારે પણ કહ્યું છે કે ભારતમાં હવે ત્રીજી લહેર નહીં આવે પરંતુ રણદીપ ગુલેરિયા દ્વારા કરહેવામાં આવ્યું છે કે ભારત જેવા મોટા દેશમાં આટલા મોટા પ્રમાણમાં રસીકરણ થઈ રહ્યું છે અને ૮૨ કરોડથી વધારે હાલ રસીકરણ થઈ ગય્ છે ત્યારે હવે કોરોનાની ત્રીજી લહેરનો ભય ઓછો છે પરંતુ કોરોના ના કેસ આવસે પણ હવે દેશમાં કોરોના સામાન્ય રોગો જેવો રહેશે તાવ, શરદી, ઉધરસ જેવી સામાન્ય બિમારીઓની જેમ કોરોના રહેશે. ભારતમાં કોરોના વિરુદ્ધ સતત વેક્સિનેશનનું અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે, કુલ વેક્સિનેશનનો આંક ૮૨ કરોડ ૬૫ લાખ ૧૫ હજાર ૭૫૪ થઈ ગયો છે.સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું હતું કે એક્ટિવ કેસમાં કુલ સંક્રમિતોની સંખ્યા ૦.૯૦ ટકા છે, જે માર્ચ ૨૦૨૦ પછીનો સૌથી ઓછો આંક છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા આપવામાં આવેલા આંકડામાં જણાવ્યું છે કે ૨૪ કલાકના સમયમાં એક્ટિવ દર્દીઓની સંખ્યામાં ૭,૫૮૬નો ઘટાડો જોવા મળ્યો છે. જ્યારે દર્દીઓનો સ્વસ્થ થવાનો દર ૯૭.૭૭ ટકા થઈ ગયો છે, જે માર્ચ ૨૦૨૦ પછીનો સૌથી વધારે છે.કોરોનાની ત્રીજી લહેરની વાતો વચ્ચે હવે દેશમાં ૧૨-૧૮ વર્ષનાં બાળકોનું વેક્સિનેશન આવતા મહિનાથી શરૂ થવાનું છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે દેશમાં બાળકોની ટ્રાયલ કોવેક્સિન ભારત બાયોટેક દ્વારા કરવામાં આવી રહ્યું છે. નોંધનીય છે કે જેના પર ટ્રાયલ ચાલી રહી છે તે બાળકોની સંખ્યા ૧૦૦૦ સુધી પહોંચી ગઈ છે. તેના ત્રીજા ફેઝની ટ્રાયલ પૂરી થઈ ગઈ છે. કંપનીએ કહ્યું હતું કે આવતા સપ્તાહે થર્ડ ફેઝનો ડેટા DGCIને સોંપવામાં આશે. જ્યારે કંપનીનું કહેવું છે કે વેક્સિનનું ઉત્પાદન ઓક્ટોબરમાં ૫.૫ કરોડ ડોઝ સુધી પહોંચી જશે, જે સપ્ટેમ્બરમાં ૩.૫ કરોડ ડોઝના આંક કરતાં ઘણો વધારે છે.દેશમાં કોરોના વાઈરસની બીજી લહેર હવે ઘણી નબળી પડી ગઈ છે. વાઈરસને કારણે સંક્રમિતોની સંખ્યામાં સતત ઘટાડો થઈ રહ્યો છે. મંગળવારે સંક્રમણના ૨૬ હજાર કેસ નોંધાયા હતા અને તેની સાથે જ ૨૫૨ લોકોનાં મોત થયાં છે. આ દરમિયાન દિલ્હી એઈમ્સના ડિરેક્ટર ડૉ. રણદીપ ગુલેરિયાના જણાવ્યા પ્રમાણે, કોરોના હવે મહામારી રહી નથી. દેશમાં કોરોનાની ત્રીજી લહેર આવવાની શક્યતા ખૂબ નહિવત્ છે, જોકે તેમણે એલર્ટ કર્યા છે કે જ્યાં સુધી ભારતમાં દરેક વ્યક્તિને વેક્સિન ના લાગી જાય ત્યાં સુધી સતર્ક રહેવાની જરૂર છે. ડોક્ટર ગુલેરિયાએ કહ્યું હતું કે લોકોએ તહેવારોમાં ભીડથી દૂર રહેવાની જરૂર છે. ભારતમાં હવે સંક્રમિતોના આંક ૨૫ હજારથી ૪૦ હજારની વચ્ચે આવી રહ્યા છે. જો લોકો સાવધાન રહે તો કોરોના સંક્રમણના કેસ ધીમે ધીમે ઘટી શકે છે. તેમણે કહ્યું હતું કે દેશમાં કોરોના સંપૂર્ણ રીતે હવે ક્યારેય સમાપ્ત નહીં થાય, પરંતુ ભારતમાં જે પ્રમાણે ઝડપથી વેક્સિનેશન થઈ રહ્યું છે એ જોતાં લાગે છે કે હવે એ મોટે પાયે ફેલાશે નહીં. એઈમ્સના ડિરેક્ટર ડોક્ટર ગુલેરિયાએ કહ્યું હતું કે કોરોના વાઈરસ ખૂબ ટૂંક સમયમાં સામાન્ય ફ્લૂ એટલે કે સામાન્ય ખાંસી-શરદી અને તાવ જેવો થઈ જશે, કારણ કે લોકોમાં હવે આ વાઈરસ સામેની ઈમ્યુનિટી આવી ગઈ છે. જોકે વધારે બીમાર અને ઓછી ઈમ્યુનિટીવાળા લોકો માટે હજી પણ આ વાઈરસ જીવલેણ સાબિત થઈ શકે છે. ડોક્ટર ગુલેરિયાએ કહ્યું હતું કે ભારતમાં પ્રાથમિકતા એ છે કે દરેક લોકોને વેક્સિનના બંને ડોઝ લગાવવામાં આવે. બાળકોને પણ વેક્સિન આપવામાં આવે. ત્યાર પછી જ બૂસ્ટર ડોઝ પર ભાર આપવો જોઈએ. તેમણે કહ્યું હતું કે થોડા સમય પછી ખૂબ બીમાર, વૃદ્ધો અથવા નબળી ઈમ્યુનિટીવાળા લોકોને જ બૂસ્ટર ડોઝ આપવામાં આવી શકે છે. એ પણ જરૂરી નથી કે બૂસ્ટર ડોઝ એને જ આપી શકાય જેણે અગાઉ બે વેક્સિન લીધેલી હોય. જોકે આ વિશે પહેલાં એક પોલિસી બનાવવામાં આવશે. ગુલેરિયાએ કહ્યું હતું કે અમુક લોકોને બૂસ્ટર ડોઝની જરૂર પડી શકે છે. આ બૂસ્ટર ડોઝ વેક્સિનના બીજા ડોઝ તરીકે પણ આપવામાં આવી શકે છે, પરંતુ આ વિશે હજી નિર્ણય લેવામાં આવશે, પહેલા દરેકને વેક્સિનનો પહેલો ડોઝ મળે એ જરૂરી છે, ત્યાર પછી બૂસ્ટર ડોઝ આપવામાં આવશે. ડોક્ટર ગુલેરિયાએ કહ્યું હતું કે ડિસેમ્બર સુધી દેશમાં દરેક લોકોને વેક્સિનનો પહેલો ડોઝ મળી જાય એવો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

## તાલિબાનને યુનોમાં સ્થાન પ્રાપ્ત કરી વિશ્વના દેશોને સંબોધન કરવાની માંગ

કાબુલ,

તાલિબાનનો પત્ર સંયુકત રાષ્ટ્રમાં સ્થાન મેળવવા માટે નવ સભ્યોની ઓળખપત્ર સમિતિને મોકલવામાં આવ્યો છે. આ સમિતિમાં અમેરિકા, ચીન, રશિયા પણ સભ્યો છે. આ સિવાય, સમિતિમાં બહામાસ, ભૂટાન, ચિલી, નામિબિયા, સીએરા લિયોન અને સ્વીડનનો સમાવેશ થાય છે. જો કે, આ સમિતિની બેઠક આગામી સોમવાર પહેલા અશકય છે, તેથી યુએન મહાસભામાં તાલિબાનના વિદેશ મંત્રીના સંબોધનની શકયતા નહિવત છે.જો યુએન તાલિબાન રાજદૂતને માન્યતા આપે છે, તો તે ઈસ્લામિક કટ્ટરવાદી જૂથ માટે આંતરરાષ્ટ્રીય માન્યતામાં એક મોટું પગલું હશે. આંતરરાષ્ટ્રીય માન્યતા અફઘાનિસ્તાનમાં નાણાકીય સહાયના દરવાજા ખોલી શકે છે. અગાઉ, ગુટેરેસે કહ્યું હતું કે આંતરરાષ્ટ્રીય માન્યતા એ એકમાત્ર માધ્યમ છે જેના દ્વારા અન્ય દેશો તાલિબાન પર સમાવેશી સરકાર અને માનવ અધિકારો, ખાસ કરીને મહિલા અધિકારો માટે આદર માટે દબાણ કરી શકે છે. આ પહેલા, ૧૯૯૬ થી ૨૦૦૧ વચ્ચે, જયારે અફઘાનિસ્તાનમાં તાલિબાનનું શાસન આવ્યું, ત્યારે અફઘાનિસ્તાનની ચૂંટાયેલી સરકારના માત્ર યુએન રાજદૂત જ દેશનું પ્રતિનિધિત્વ કરતા હતા. તે સમયે ઓળખપત્ર સમિતિએ તાલિબાન રાજદૂતને સીટ આપવાનો ઈનકાર કર્યો હતો.અફઘાનિસ્તાનના કબજાને લગભગ બેમહિના વીતી ગયા છે, પરંતુ પાકિસ્તાન અને ચીનના પ્રયાસો છતાં હજુ સુધી કોઈ પણ દેશ તાલિબાનને સત્ત્?ાવાર રીતે માન્યતા આપી શકયું નથી. હવે તાલિબાનોએ કહ્યું છે કે તેમને ન્યૂયોર્કમાં યોજાનારી સંયુકત રાષ્ટ્ર મહાસભામાં હાજરી આપીને વિશ્વના નેતાઓને સંબોધિત કરવાની મંજૂરી આપવી જોઈએ. તાલિબાને દોહામાં તેના પ્રવકતા સુહેલ શાહીનને સંયુકત રાષ્ટ્રમાં અફઘાનિસ્તાનના રાજદૂત તરીકે પણ નિયુકત કર્યા છે. આ અંગે તાલિબાનના વિદેશ મંત્રી અમીર ખાન મુતકીએ સંયુકત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસને પત્ર લખ્યો છે. મુતકીએ આ પત્રમાં માંગણી કરી છે કે તેને અફઘાનિસ્તાન વતી યુએનજીએમાં બોલવાની પણ છૂટ આપવી જોઈએ. યુએનજીએની બેઠક આગામી સોમવારે સમાપ્ત થવાની છે. ગુટેરેસના પ્રવકતા ફરહાન હકે મુત્ત્?કીના પત્રની પ્રાપ્તિની પુષ્ટિ કરી. છેલ્લા મહિના સુધી ગુલામ ઈઝાકજલ યુએનમાં અફઘાન સરકારનું પ્રતિનિધિત્વ કરી રહ્યા હતા. જોકે, તાલિબાને તેમના પત્રમાં લખ્યું હતું કે ઈઝાકજલનું મિશન પૂરું થઈ ગયું છે અને તે હવે અફઘાનિસ્તાનનું પ્રતિનિધિત્વ કરતું નથી.

## ભારત કરશે અગ્નિ-૫નું પરીક્ષણ ચીનની ચિંતા વધતા યુનોમાં ફરિયાદ

નવી દિલ્હી,

ભારતના પાટનગર દિલ્હીથી ચીનના પાટનગર બેજિંગનું ભૌગોલિક અંતર ૩,૭૮૬ કિલોમીટર અને ચીનના ઔદ્યોગિક શહેર શાંઘાઈનું અંતર ૪,૨૪૧ કિલોમીટર છે. વળી, અગ્નિ-૫ મિસાઈલનું પરિવહન તેમજ લોન્ચિંગ એટલા સરળ છે કે તેને આસાનીથી સરહદના કોઈ પણ વિસ્તારમાં તૈનાત કરીને દાગી શકાય છે. આ મિસાઈલ પહેલા હવામાં ઊંચે ચડે અને પછી પ્રચંડ વેગે નીચે ટાર્ગેટ તરફ આવતુ જાય એવો તેનો પ્રોગ્રામ ઘડાયેલો છે. જ્યારે આ મિસાઈલ આકાશમાંથી ફરી પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે ત્યારે તેની સપાટી પર ૪,૦૦૦ ડીગ્રી જેટલું તાપમાન નોંધાય છે. એ તાપમાન વખતે મિસાઈલને નુકસાન ન થાય એટલા માટે ખાસ પ્રકારનું સ્વદેશી પડ બનાવાયું છે. જેના કારણે મિસાઈલની અંદરનું તાપમાન ૫૦ ડીગ્રી જાળવી શકાય છે.ભારત તેના સૌથી ઘાતક અગ્નિ-૫ મિસાઈલનું પરીક્ષણ કરવા જઈ રહ્યું છે. અગ્નિ-૫ એ પરમાણુ હથિયાર લઈ જવા સક્ષમ મિસાઈલ છે. વળી હવે ભારત એવું પરિક્ષણ કરવા જઈ રહ્યું છે, જેમાં એકથી વધારે શસ્ત્રોના પ્રહારનો પ્રયોગ કરવાનો છે. આ પરિક્ષણ ન થાય એટલા માટે ચીન ઘણા દિવસથી આંતરરાષ્ટ્રીય મંચ પર કાગારોળ મચાવી રહ્યું છે. ચીને છેક સંયુક્ત રાષ્ટ્રસંઘ સુધી આ મિસાઈલનું પરીક્ષણ રોકવા માટે ફરિયાદ કરી છે. એ વચ્ચે પણ ભારતે ૨૩ સપ્ટેમ્બરે મિસાઈલ પરીક્ષણ કરવાનું નિર્ધારિત કરી લીધું છે. જો કોઈ છેલ્લી ઘડીના ફેરફારો નહીં થાય તો ઓડિશાના કાંઠેથી અગ્નિ-૫નું અંતિમ અને મહત્વપૂર્ણ પરીક્ષણ થશે. આ પરિક્ષણ સફળ થાય તો પછી ભારત અગ્નિ-૫નું જથ્થાબંધ ઉત્પાદન કરી સૈન્યમાં શામેલ કરશે. ભારત જે પરિક્ષણ કરવાનું છે એ ટેકનિકલ ભાષામાં મલ્ટિપલ ઈન્ડિપેન્ડેન્ટ રિએન્ટ્રી વ્હિકલ (એમઆઈઆરવી) તરીકે ઓળખાય છે. આ પ્રકારનું પરીક્ષણ સફળ થશે એટલે ભારતીય સંરક્ષણ ઈતિહાસમાં નવું પ્રકરણ ઉમેરાશે. અગ્નિ-૫ હોવાને કારણે કોઈ પણ દેશ ભારત પર હુમલો કરતા પહેલા વિચાર કરે. માટે અગ્નિ-૫ને 'શાંતિનું શસ્ત્ર (વેપન્સ ઓફ પિસ)' પણ કહેવામાં આવે છે. એ મિસાઈલની કેટલીક વિશેષતાઓ અહીં રજૂ કરી છે. હરીફરી શકતા (મોબાઈલ) લોન્ચિંગ પ્લેટફોર્મને કારણે આ મિસાઈલની રેન્જ વધી જાય છે. પ્લેટફોર્મ જ્યાં ગોઠવ્યું હોય ત્યાંથી તેની ૫ હજાર કિલોમીટરની રેન્જ ગણાય. અગ્નિ-૫ની રેન્જમાં આખુ ચીન, રશિયાનો કેટલોક ભાગ, યુરોપના દેશો, આફ્રિકા ખંડના અનેક દેશો, જાપાન, ઈન્ડોનેશિયા વગેરે સહિતો ભાગ આવી જાય છે.

## EPFOમાં જુલાઈમાં ૩૧% વધુ સભ્યો જોડાયા : રોજગારી વધીના એંધાણ

નવી દિલ્હી,

EPFOમાંથી બહાર નીકળનારા સભ્યોની સંખ્યામાં ૩૬.૮૪ ટકાનો ઘટાડો આવ્યો છે. ઉમરના હિસાબે જોવા જઈએ તો જુલાઈમાં ૨૨-૨૫ વર્ષની વર્ગ ઉમરમાં સૌથી વધારે ૩.૮૮ લાખ નામાંકન થયા. તો ૧૮-૨૧ વર્ષની વર્ગની ઉમરમાં ૩.૨૭ લાખ નામાંકન થયા છે. મંત્રાલયે કહ્યું કે તેનાથી એ જાણવા મળે છે કે પહેલી વખત નોકરી કરનારા લોકો મોટી સંખ્યામાં સંગઠિત વિસ્તારમાંથી જોડાઈ રહ્યા છે. જુલાઈમાં શુદ્ધ સભ્યની સંખ્યામાં વૃદ્ધિમાં તેનો હિસ્સો ૪૮.૮૨ ટકા રહ્યો. રાજ્યવાર વાત કરવામાં આવે તો મહારાષ્ટ્ર, હરિયાણા, ગુજરાત, તામિલનાડુ અને કર્ણાટકના પ્રતિષ્ઠાન તેમાં આગળ રહ્યા છે. બધી ઉમર વર્ગમાં EPFO સભ્યોની સંખ્યામાં ૯.૧૭ લાખનો વધારો થયો, જે કુલ વૃદ્ધિના આંકડાનો ૬૨.૬૨ ટકા છે. EPFOએ કહ્યું કે, આ આંકડા અસ્થાયી છે અને કર્મચારીઓના રેકોર્ડનું અધ્યતન એક સતત પ્રક્રિયા છે. EPFO સંગઠિત/અર્ધસંગઠિત વિસ્તારના કર્મચારીઓના સામાજિક સુરક્ષા કોષનું મેનેજમેન્ટ કરે છે.કર્મચારી ભવિષ્ય નીધિ સંગઠન (EPFO) સાથે જુલાઈ મહિનામાં શુદ્ધ રૂપે ૧૪.૬૫ લાખ નવા સભ્યો જોડાયા છે. જૂનની સરખામણીમાં તેમાં ૩૧.૨૮ ટકાનો વધારો થયો છે. જૂનમાં EPFOએ ૧૧.૧૬ લાખ નવા સભ્ય બનાવ્યા હતા. આ આંકડા દેશમાં સંગઠિત વિસ્તારમાં રોજગારની સ્થિતિને દર્શાવે છે. EPFOના સોમવારે જાહેર કરવામાં આવેલા પેરોલ આંકડાઓ મુજબ જુલાઈ ૨૦૨૧માં શુદ્ધરૂપે ૧૪.૬૫ લાખ નવા સભ્ય જોડવામાં આવ્યા છે. સૌથી વધારે સભ્ય મહારાષ્ટ્ર-હરિયાણાથી જોડાયા છે. જૂનની સરખામણીમાં તેમા ૩૧.૨૮ ટકાની વૃદ્ધિ થઈ છે. આ વર્ષે જૂનમાં શુદ્ધરૂપે નવા નામાંકનના આંકડામાં સંશોધન કરીને તેને ઘટાડીને ૧૧.૧૬ લાખ કરી દેવામાં આવ્યા હતા. પહેલા તેના ૧૨.૮૩ લાખ રહેવાનો અનુમાન લગાવવામાં આવ્યો હતી. આંકડાઓ મુજબ EPFOએ એપ્રિલમાં શુદ્ધરૂપે ૮.૯ લાખ અને મેમાં ૬.૫૭ લાખ નવા સભ્ય બનાવ્યા હતા. કોરોના મહામારીની બીજી લહેર શરૂઆત એપ્રિલના મધ્યથી થઈ હતી ત્યારબાદ ઘણા રાજ્યોને લોકડાઉન જેવા પ્રતિબંધ મૂકવા પડ્યા હતા. મંત્રાલયે કહ્યું કે, ૧૪.૬૫ લાખ નવા સભ્યોમાંથી ૯.૦૨ લાખ સભ્ય પહેલી વખત EPFOની સામાજિક સુરક્ષાના દાયરામાં આવ્યા છે. આ દરમિયાન શુદ્ધ રૂપે ૫.૬૩ લાખ સભ્યને EPFOથી બહાર કાઢ્યા અને ત્યારબાદ તેમાં ફરી સામેલ થયા. તેનાથી જાણવા મળે છે કે મોટાભાગના સભ્યોએ EPFO સાથે પોતાની સભ્યતા યથાવત રાખવાનો નિર્ણય લીધો છે. જુલાઈ ૨૦૨૧માં EPFO સાથે પહેલી વખત જોડાનાર સભ્યોની સંખ્યા ૬ ટકા વધી. તો EPFO સાથે ફરી જોડનારા સભ્યોની સંખ્યા ૯ ટકા વધી.



ગુજરાતના નવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સચિવો તથા અધિકારઓ સાથે બેઠક યોજી હતી જેમાં મુખ્યમંત્રી દ્વારા તમામ અધિકારીઓ તેમજ સચિવો પાસેથી નગરોમાં લાઈટો, પાણી, રસ્તાઓ અને ગટર જેવી સામાન્ય મૂળભૂત જરૂરિયાતના કામોની રૂપરેખા વિશે માહિતી મેળવી હતી અને કેટલા કાર્યો ચાલુ છે ક્યાં પૂર્ણ થયું છે કાર્ય અને ક્યાં જરૂરિયાત વાળી જગ્યાઓ છે ક્યાં વિસ્તારમાં શું પરેશાનીઓ છે તેવી માહિતી એકત્રિત કરી હતી.


## જાહેર નિવિદા નં.૧૧ સને ૨૦૨૧-૨૨

કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (માXમ) વિભાગ, ગોધરા સીવીલ લાઈન રોડ, પીન કોડ નં.૩૮૯૦૦૧, જી.પંચમહાલ, ફોન નં.૦૨૬૭૨-૨૫૩૩૮૪ તરફથી ગુજરાત રાજયનાં અનુભવી ઈજારદારશ્રીઓ પાસેથી એમ્પેનલમેન્ટ એન્ડ એપોઈમેન્ટ ઓફ કન્સલટન્ટ ફોર પ્રેપરેશન ઓફ ડીટેઈલ એસ્ટીમેટ ઓફ રોડ એન્ડ કોસ ડ્રેઈનેજ વકર્સ એન્ડ બ્રિજ ફોર ધ રૂરલ રોડસ અન્ડર આર એન્ડ બી (પંચાયત) ડીવીઝન, ગોધરાના કામે ટેન્ડર માંગવામાં આવે છે. કોરી ટેન્ડર કોપી ઈસ્યુ કરવાની તા.૨૯/૦૯/૨૦૨૧ અને ભરેલા ટેન્ડર આરપીએડી/સ્પીડપોસ્ટ થી પરત લેવાની છેલ્લી તા.૦૭/૧૦/૨૦૧૧ છે. ટેન્ડર ફી પેટે રૂ.૫૦૦/- બેંક ઓફ બરોડા શાખા સ્ટેશન રોડ, ગોધરામાં ''૦૦૫૯ પીડબલ્યુ'' સદરે ચલનથી જમા કરાવી ચલન રજુ કર્યુ થી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે વધુ માહિતી માટે રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈસમો એ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

અનુભવનું પ્રમાણપત્ર તથા ચાલુ વર્ષની નેશનલાઈઝ બેંકની સોલવંસી રજુ કરવાની રહેશે.

કાર્યપાલક ઈજનેર
પંચાયત (માXમ) વિભાગ, ગોધરા

માહિતી/ગોધરા/૫૩૧/૨૦૨૧




કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

આર. આર. પટેલ

મુ. ચાંદપુર,
તા. મોરવા(હ)

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી રામપુર (ક) અર્થ સેવા સહ. મં.લી.

મુ. રામપુર,
તા. મોરવા(હ)

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# બાલાસીનોરના જાલુબારીયાના મુવાડા પીકઅપ સ્ટેન્ડ ખાતે હત્યા કરી અકસ્માતમાં અપાવાના ગુનામાં પોલીસે ગણતરીના દિવસોમાં હત્યારાને ઝડપી પાડયો

બાલાસીનોર,

બાલાસીનોર પોલીસ મથક વિસ્તારના જાલુબારીયાના મુવાડા ગામે પીકઅપ સ્ટેન્ડ પાસેથી તા.૧૦ સપ્ટેમ્બરના કોઈ વાહન અકસ્માત હિરાભાઈ માનાભાઈ પરમાર મળી આવેલ હતા. તેઓ તેમને સરકારી દવાખાનામાં અન વધુ સારવાર માટે વડોદરા ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન મોત થતાં મૃતકનું પી.એમ. કરવામાં આવ્યું હતું. પી.એમ. દરમિયાન માથાના ભાગે બોથડ પદાર્થ મારવાથી મોત થયેલ હોવાનું ખુલતાં બાલાસીનોર પોલીસે હત્યાની દિશામાં તપાસ હાથ ધરી હતી અને ગણતરીના દિવસોમાં હત્યારાને ઝડપી પાડવામાં સફળતા મળી છે.



વિસ્તૃત વિગતો પ્રમાણે બાલાસીનોર પોલીસ મથક વિસ્તારના જાલુબારીયાના મુવાડા ગામે પીકઅપ સ્ટેન્ડ પાસેથી ૧૦/૦૯/૨૦૨૧ના રોજ હિરાભાઈ માનાભાઈ પરમાર અકસ્માત થયેલ હોય તેમ માનીને સ્થાનિક સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યાંથી હિરાભાઈ પરમારને વધુ સારવાર માટે વડોદરા એસ.એસ.જીમાં રીફર કરવામાં આવ્યા હતા. જ્યારે સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું હતું. મરણજનાર હિરાભાઈ પરમારના મૃતદેહનું પી.એમ. કરતા માથાના ભાગે બોથળ પદાર્થથી ગંભીર ઈજાઓ થવાથી મોત થવાનું ખુલવા પામ્યું હતું. બાલાસીનોર પોલીસ દ્વારા હત્યાની દિશામાં તપાસ હાથ ધરી હતી. પોલીસ ગુનાવાળા સ્થળે તેમજ મરણજનારના આડોશ પાડોશમાં પુછપરછ દરમિયાન હિરાભાઈ પરમારને રાકેશ સુબાભાઈ પરમાર સાથે ઝગડો થયેલ હતો. તેવા શક અને વ્હેમના આધારે વડદલા ગામેથી આરોપીને ઝડપી પાડવામાં આવ્યો અને પુછપરછ દરમિયાન હિરાભાઈ સાથે ઝગડો થયેલ હતો. તેની અદાવત રાખીને જાલુબારીયાના મુવાડા ગામે પીકઅપ સ્ટેન્ડ પાસે ચાલતા જતા હતા. ત્યારે બાઈક ઉપર લોખંડનો સળીયો લઈ આવી માથાના ભાગે ગંભીર ઈજાઓ મોત નિપજાવ્યાનું કબુલાત કરી હતી. હત્યાને અકસ્માતમાં ખપાવા માટે બસ સ્ટેન્ડ મારમારી ઈજાઓ પહોંચાડી હોય તેવી કબુલાતના આધારે રાકેશ સુખાભાઈ પરમારને ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# લુણાવાડા નગરમાં લોકોમાં હવે કોરોના નો ડર રહ્યો નથી તેવા દર્શયો : કોરોના ના નિયમોના સરેઆમ ધજાગરા ઊડ્યાં તંત્ર છે મૌન

લુણાવાડા,

દેશ સહિત સમગ્ર વિશ્વમાં કોરોનાની મહામારી માં લોકો એ કપરા ચડાવ ઉતાર જોવા મળ્યા છે. કોરોનાથી લોકોના મોત પણ એટલા હદે થયા છે. જોઈને પણ હચમચાવી નાખે તેવા દિવસો ગયા ને થોડા દિવસો પણ થાય નથી બીજી તરફ લુણાવાડા નગર સહિત વિસ્તારના લોકો ને જાણે કોરોનાનો ડર રહ્યો જ નથી. તેમ માસ્ક વગર સરેઆમ ધજાગરા ઉડાડતા જોવા મળી રહ્યા છે. કોરોનાની પ્રથમ લહેર તેમજ બીજી લહેર એટલી ભયાનક હતી. જેથી આવનાર ત્રીજી કોરોનાની લહેર સામે કેવી રીતે લડાય તેના પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. ત્યારે બીજી



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

તરફ લોકોમાં કારોનાનો ડર જાણે રહ્યો જ નથી. તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. હાલમાં લોકો દ્વારા કોરોનાના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરતાં જોવા મળી રહ્યા છે. લુણાવાડા નગર તેમજ બસ સ્ટેન્ડ વિસ્તારમાં સોસિયલ ડિસ્ટન્સના પણ ધજાગરા ઊડી રહ્યા છે. બીજી તરફ સરકાર દ્વારા શાળા કોલેજ ચલાવવા માટે મંજૂરી પણ આપી છે, પરંતુ ત્યાં પણ કોરોનાના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન જોવા મળી રહ્યું છે. શાળામાં જતાં તેમજ છૂટ્તા સમયે બાળકો ટોળેટોળા વળી માસ્ક વગર જોવા મળી રહ્યા છે. ત્યારે ત્રીજી લહેરની કેન્દ્ર સરકાર તમામ રાજ્ય સરકારને તાકીદ કરવા સૂચના કરતી હોય તેવા સંજોગોમાં જો મહીસાગર જિલ્લા વહીવટી તંત્ર આ બાબતે સજાગ નહીં બને તો કોરોનાની ત્રીજી લહેરની સંભાવના નકારી શકશે નહીં અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કડક પગલાં નહીં લેવામાં આવે તો ક્યાંક ને ક્યાંક આનું પરિણામ ગંભીર રૂપ લઈ શકે છે.

# ગોધરા કોર્ટ દ્વારા ચેક રિટર્નના કેસમાં મહત્વપૂર્ણ ચુકાદો આપતા આરોપીને એક વર્ષની સજા

ગોધરા,

ગોધરા શહેરના પહેલ બિલ્ડવર્થ એન્ડ ફાયનાન્સ ના માલિક અને પ્રોપરાઈટર દીનેશકુમાર ભગવાનદાસ ગનવાણીએ ગોધરા કોર્ટમાં ફરિયાદ કરતા જણાવ્યું હતુ કે, તેઓ કાયદેસર રીતે ધીરધારનો લાયસન્સ મેળવી ધંધો કરે છે. તેમની પેઢી માંથી આરોપી વિજયકુમાર છગનભાઈ જોબનપુત્રએ રૂ.૧૬ લાખ વ્યાજ પર લીધા હતા અને તે રકમની પરત ચુકવણી પેટે આરોપીએ રૂ.૧૭.૪૪ લાખના આઇ.ડી.બી.આઇ બેંકના ચેક લખી આપ્યા હતા. તે ચેક ફરિયાદીએ પોતાના બેન્ક ખાતામાં નાખતા બેંકે સદર ચેક ખાતામાં જરૂરી બેલેન્સ ના હોવાના કારણે ચેક રિટર્ન કરવામાં આવ્યો હતો. જેથી આ અંગે તેઓએ આરોપી ને નોટિસ પાઠવી હતી. ત્યારબાદ આ અંગે ગોધરા કોર્ટમાં કેસ કરવામાં આવ્યો હતો. જે કેસ ગોધરા કોર્ટમાં ચાલી જતા ફરિયાદીના વકીલ અશોક સામતાનીની ધારદાર રજૂઆતો ને ધ્યાનમાં રાખી ગોધરાના ત્રીજા જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ જજ સંદીપ આઇ.ચૌહાણે ચુકાદો આપતા આરોપીને તક્સીરવાન ઠેરવી એક વર્ષની જેલની સજા અને ફરિયાદીને રૂ.૧૭.૪૪ લાખ એક મહિનાની અંદર ચૂકવી આપવા અને જો પૈસાના ચૂકવાય તો વધુ ત્રણ માસની જેલની સજાનો મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો.

# કડાણા જળાશયમાં ઉપરવાસમાં વરસાદને કારણે જળસપાટીમાં સતત વધારો



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,

મહીસાગર જિલ્લાના કડાણા જળાશયમાં ઉપરવાસમાં વરસાદના કારણે તથા રાજસ્થાનના બાંસવાડા ખાતેના મહીસાગર બજાજ ડેમમાંથી છોડવામાં આવી રહેલ પાણીના પ્રવાહને લઈને કડાણા જળાશયની જળ સપાટીમાં સતત વધારો થઈ રહ્યો છે. આ અંગેની વિગતો આપતાં દિવડાકોલોની ફ્લડ સેલના ઓપરેટર શૈલેષભાઇ ભોઇએ જણાવ્યું હતું કે, કડાણા બંધનું આજે તા. ૨૨/૯/૨૧ના રોજ બપોરના બે વાગ્યા સુધીનું લેવલ ૪૦૭.૧૧ ફુટ થયું છે. કડાણા જળાશયની પૂર્ણ સપાટી ૪૧૯ ફૂટ છે. જેથી જળાશય ૭૩.૮૫ ટકાથી વધુ ભરાયો હોઇ વોર્નિંગ સ્ટેજ (ઠ્ઠક્ષિશક્ષલ જ્ઞ્કિંલય) જાહેર કરવામા આવેલ છે. જળાશયમાં ૬૪,૧૬૪ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. જ્યારે ડેમમાં પાણીનો કુલ જથ્થો ૩૨,૫૮૬ એમ.સી.એફ.ટી છે.

# કેમિકલયુક્ત પાણીને લીધે શાકભાજી ખાવી પણ જોખમ

અમદાવાદ,

કેમિકલના પાણીથી ઊગાડેલા શાકભાજી આરોગવાથી કેન્સર જેવા રોગ થાય છે. એવું ડૉ. ગર્ગનું કહેવું છે. કેમિકલ્સના પાણીમાં મેટલ્સનુંપ્રમાણ વધારે હોય છે. આર્સેનિક, મરક્યુરી, ક્રોમિયમ જેવા તત્ત્વોનું પ્રમાણ વધારે હોવાથી ઝાડા, ઊલટી, કિડનીને નુકસાન, બીપી, મગજના તંતુ નબળા પડવા, હાથપગ નબળા પડવા જેવી ગંભીર અસર થાય છે. જ્યારે આંતરડા અને શરીરના અન્ય ભાગમાં કેન્સર થાય છે. પુરૂષોમાં નપુંસકતા આવે છે. જ્યારે બાળકોનો વિકાસ રૂંધાય છે. કેન્સર અને બીજા ગંભીર રોગ માટે આવું કેમિકલવાળું પાણી જવાબદાર છે. બીજી તરફ તંત્ર પણ આવા એકમો સામે કોઈ પગલાં લેતું નથી. પ્રદૂષણ કંટ્રોલ બોર્ડના અધિકારીઓ જાણે કુંભકર્ણની નિંદ્રામાં સૂતા હોય એવું અમદાવાદનું ચિત્ર છે.મહાનગર અમદાવાદમાં ફરી એક વખત સાબરમતી નદીમાં કેમિકલવાળુંપાણી છોડવાનો મામલો સામે આવ્યો છે. જેની અસર હવે આ પાણીનો ઉપયોગ કરનારા લોકો પર થશે એવા એંધાણ છે. કેમિકલની ફેક્ટરી લાખો માનવજીવનને ખતમ કરી દેશે પછી સરકાર ગાઢ નિંદ્રામાંથી જાગશે? આ પ્રશ્ન સામે આવીને ઊભો રહ્યો છે. અમદાવાદ શહેરમાં લીલા શાકભાજીને જોઈને દરેક મહિલા મોહી પડે. જેને ઘરે લાવીને હોંશે હોંશે એમાં તેલ-મરી મસાલાનો વધાર કરીને આરોગે છે. પણ હકીકત એવી સામે આવી છે કે, આ કોઈ લીલા શાકભાજી નથી પણ કેન્સરના કોળિયા છે. અમદાવાદ શહેરમાંથી મળી આવેલા લીલા શાકભાજીમાં કેન્સર થવાના લક્ષણ મળી આવ્યા છે. શહેરમાં મળી રહેલા મોટાભાગના લીલા શાકભાજી સાબરમતી નદીના હેઠવાસના બંને કિનારા પાસે આવેલા ખેતરમાં પકવવામાં આવે છે. જેમાં અમદાવાદની સાબરમતી નદીના કેમિકલયુક્ત પ્રદૂષિત પાણીનો ઉપયોગ થાય છે. જેના કારણે કેન્સર જેવી ગંભીર બીમારી કરતાં તત્ત્વો શાકભાજી સાથે ભળીને આપણા ઘર સુધી પહોંચે છે. અમદાવાદ શહેરમાં આવેલા ઓઢવ, નરોડા, નારોલ, વટવા તથા દાણીલિમડામાં ધમધમતી કેમિકલ ફેક્ટરીઓ રસાયણ તથા કેમિકલવાળું પાણી સાબરમતી નદીમાં છોડવામાં આવે છે. જેના કારણે લાખો લોકોના જીવ સામે જોખમ ઊભુ થયું છે. આ પાણીનો સીધો ઉપયોગ શાકભાજીની ખેતી માટે કરવામાં આવે છે. જેના કારણે ભવિષ્યમાં મોટું જોખમ ઊભું થશે આ ઉપરાંત, લાંબાગાળા સુધી એની અસર રહે એવા એંધાણ છે. આવા શાકભાજીને કારણે કેન્સરના કેસમાં ઉછાળો આવી શકે છે. સાબરમતી નદી વાસણા બેરેજથી આગળ વધીને ધોળકાના ગામોમાં અને તેની નીચે ભાલ કાંઠાના ગામે થઈને આગળથી સમુદ્રમાં ભળી જાય છે. કેમિકલ માફિયાઓએ આ પાણીમાં પોતાનું કેમિકલવાળું ગંદુ પાણી છોડીને લોકોના જીવ જોખમમાં મુક્યા છે. કારણ કે આવા પાણીનો ઉપયોગ શાકભાજીની ખેતીમાં થઈ રહ્યો છે. સૌથી મોટી ખોટ એ છે કે, કેમિકલ ફેક્ટરીઓ અને પ્રોસેસ હાઉસ એમનું ઝેરી કેમિકલવાળું પાણી કોઈ જાતની ટ્રિટમેન્ટ વગર તથા અધુરી ટ્રિટમેન્ટ કરી સાબરમતીમાં છોડી રહ્યા છે. આવું ઝેરી અને કેમિકલવાળું પાણી નદીના પ્રવાહમાં આગળ વધતા ધોળકાના ગામ તથા ભાલકાંઠાના ગામમાં થઈને વહે છે. જે છેલ્લે ખંભાતના અખાતને મળે છે. આ વિસ્તારમાં હજારો ખેડૂતો વર્ષોથી સાબરમતીના પાણીથી શાકભાજીની ખેતી કરી રહ્યા છે. સ્થિતિ એવી ઊભી થઈ છે કે, છેલ્લાં બે દાયકાથી આ રીતે કેમિકલવાળું પાણી નદીમાં છોડવામાં આવી રહ્યું છે. જેના કારણે સાબરમતી નદી પ્રદૂષિત થઈ છે. જેની માઠી અસર આ શાકભાજીની ખેતી પર થઈ રહી છે.

# ગોધરા તાલુકાના થાણા ગર્જન ગામે ખેતરમાં મુકેલા વીજ કરંટથી મહિલાનું મોત થતાં ફરિયાદ

ગોધરા,

ગોધરાના થાણાગર્જન ગામે ખેતરમાં મુકેલા વિજ કંરટથી મહિલાનું મોંત થયું હોવાનો બનાવ બનવા પામ્યો છે.પાક બચાવવા તાર પર વિજ પ્રવાહ આપતા કુદરતી હાજતે જતી મહીલાને કંરટ લાગ્યો હતો. જે અંતર્ગત ગોધરા તાલુકા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ.

ગોધરાના થાણા ગર્જન ગામે ભુંડોથી ખેતરના ઉભા પાકને બચાવવા ખેડૂતે ખેતરને ફરતે તાર પર વીજપ્રવાહ છોડતાં વહેલી સવારે કુદરતી હાજતે જતી ૪૮ વર્ષિય મહીલાને કંરટ લાગતાં તેનું મોંત નિપજ્યું હતું. ગોધરા તાલુકા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હતી.ગોધરા તાલુકાના થાણાગર્જન ગામે આવેલ ખેતરને કેતનભાઇ રાવજીભાઇ રાઠવાએ ગીરો લીધેલ હતું. ગીરો લીધેલ ખેતરમાં ચોમાસાની સિજનમાં મકાઈનો પાક કર્યો હતો. જે પાકને ભુંડોથી બચાવવા કેતનભાઇ રાઠવાએ ખેતરને ફરતે લાકડાની થાંભલીઓ રોપીને ખુલ્લા તાર બાંધીને તારમાં વિજપ્રવાહ આપ્યો હતો. ખેતરના સેઢા પરના રસ્તા પર અવર જવર થતી હોવા છતાં કોઈને કંરટ લાગશે તેવું જાણતા હોવા છતાં તારમાં વીજપ્રવાહ છોડયો હતો. ગામની ૪૮ વર્ષિય રાધાબેન મહેન્દ્રસિંહ પટેલ (બારીઆ)નાઓ વહેલી સવારે કુદરતી હાજતે જવા ઘરેથી નીકળીને કેતનભાઇના ખેતર પાસેથી પસાર થતાં ખેતરના તાર પરના વિજ પ્રવાહથી રાધાબેનને કંરટ લાગતાં જમીન પર ઢળીને મોંત નિપજ્યું હતું.આ અંગેની ફરીયાદ ગોધરા તાલુકા પોલીસ મથકે નોંધાઈ હતી.

# સરકારી ITI ગોધરા ખાતે પ્રવેશસત્ર ઓગસ્ટ-૨૦૨૧માં ત્રીજા તબક્કામાં પ્રવેશ અંગે

ગોધરા,

સરકારી આઈ.ટી.આઈ. ગોધરા ખાતે પ્રવેશ સત્ર ઓગસ્ટ–૨૦૨૧માં ત્રીજા તબક્કા માટે GCVT/NON.AFFI. ARMATURE MOTOR REWINDING/COIL WINDERમાં જુજ બેઠકો ખાલી હોઈ પ્રવેશ મેળવવા ઈચ્છુક ઉમેદવારોએ તા.૨૨/૦૯/૨૦૨૧ થી તા.૨૭/૦૯/૨૦૨૧, સાજે–૧૮.૦૦ કલાક સુધી આઈ.ટી.આઈ.ગોધરા ખાતે ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે તેમ ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્યની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# હવે ઓટો ડેબિટ અને ક્રેડિટ કાર્ડ પેમેન્ટનો બદલાશે નિયમ

નવી દિલ્હી,

રિઝર્વ બેંકે બેંકો સાથે થતી છેતરપિંડી રોકવા અને ગ્રાહકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ માર્ગદર્શિકા જારી કરી છે. હાલની વ્યવસ્થા મુજબ બેંક ગ્રાહક પાસેથી એક વખત મંજૂરી લઈને દર મહિને કોઈ જાણકારી આપ્યા વગર ગ્રાહકના ખાતામાંથી આ રકમ કાપી લે છે. તેના લીધે છેતરપિંડીની સંભાવના ઘણી ઓછી રહે છે. આ તકલીફને ખતમ કરવા માટે જ આ ફેરફાર કરવામાં આવ્યો છે. પહેલી ઓક્ટોબરથી ઓટો ડેબિટ સિસ્ટમમાં મોટાપાયા પર ફેરફાર થવા જઈ રહ્યો છે. આ જ દિવસથી નવી ઓટો ડેબિટ સિસ્ટમ લાગુ કરવામાં આવે તેવી શક્યતા છે. આ નિયમ હેઠળ બેંક, ડેબિડ કાર્ડ, ક્રેડિટ કાર્ડ, યુપીઆઇ, પેટીએમ, ફોનપે જેવા ડિજિટલ પેમેન્ટ પ્લેટફોર્મે ગ્રાહકના ખાતામાંથી હપ્તો કે બિલ કાપતા પહેલા દર વખતે મંજૂરી લેવી પડશે. તેમણે આ માટે પોતાની સિસ્ટમમાં એ રીતે ફેરફાર કરવાના છે કે એક વખત મંજૂરી મળ્યા પછી તેઓ વારંવાર તમારા રુપિયા કાપતા ન રહે. રિઝર્વ બેંક પહેલા જ કહી ચૂકી છે કે ડેબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ, યુપીઆઇ કે પ્રીપેઇડ પેમેન્ટ ઈન્સ્ટ્રૂમેન્ટ્સ (પીપીઆઇ)નો ઉપયોગ કરનારાએ રિકરિંગ ટ્રાન્ઝેક્શન્સ માટે વધારાના ફેક્ટર ઓથેન્ટિકેશનની જરુર પડશે. ઓટો ડેબિટ એટલે કે તમે પોતાના મોબાઈલ એપ કે ઈન્ટરનેટ બેંકિંગ દ્વારા વીજળી, ગેસ, એલઆઈસી કે અન્ય કોઈ ખર્ચાને ઓટો ડેબિટ મોડમાં નાખ્યો હોય તો એક નિશ્ચિત તારીખે આ રકમ આપમેળે તમારા ખાતામાંથી કપાઈ જશે. હવે ઓટો ડેબિટનો નવો નિયમ લાગુ પડયો તો તમારી બિલ ચૂકવણીની પદ્ધતિ પર અસર પડશે. આ સગવડનો લાભ લેવા માટે તમારો એક્ટિવ મોબાઈલ નંબર બેંકમાં અપડેટ થવો જરુરી છે. આમ કરવું જરુરી એટલા માટે છે કેમકે મોબાઈલ નંબર પર જ ઓટો ડેબિટ સાથે જોડાયેલ નોટિફિકેશન એસએમએસ દ્વારા મોકલવામાં આવશે. નવો નિયમ લાગુ થયા પછી બેંકોએ ચૂકવણીની અંતિમ તારીખના પાંચ દિવસ પહેલા નોટિફિકેશન મોકલવું પડશે. પેમેન્ટના ૨૪ કલાક પહેલા રિમાઈન્ડર મોકલવું પડશે. રિમાઈન્ડરમાં પેમેન્ટની રકમ અને તારીખની જાણકારી હશે. તેમા ઓપ્ટ આઉટ કે પાર્ટ-પેનો વિકલ્પ પણ હશે. આ નિયમ પહેલી ઓક્ટોબરથી લાગુ પડશે. આ ઉપરાંત પાંચ હજારથી વધારે રકમની ચૂકવણી પર ઓટીપી અનિવાર્ય કરી દેવાયો છે.

# વલસાડ શહેરની સ્કૂલમાં કોરોનાની એન્ટ્રીથી શાળા બંધ કરાઈ

ગાંધીનગર,

વલસાડ જિલ્લામાં સ્કૂલના સંચાલકોએ પ્રાથમિક શિક્ષણ વિભાગ અને આરોગ્ય વિભાગને કોઈ પ્રકારની જાણ કરી નથી. ખાનગી સ્કૂલની મનમાની અનેક વખત સામે આવી એવામાં ફરી એકવખત આવો જ કિસ્સો બન્યો છે. વલસાડના ધરમપુર રોડ પર આવેલી અંગ્રેજી મીડિયમની સ્કૂલ કોવેન્ટ સ્કૂલના પ્રાથમિક વિભાગમાં ડ્યૂટી કરતા ટિચરને છેલ્લા થોડા દિવસોથી શરદી-ઉધરસ થયા હતા. તાવ પણ આવતો હતો. ખાનગી હોસ્પિટલમાં એનો રીપોર્ટ કઢાવતા તેઓ કોરોના વાયરસથી સંક્રમિત થયા હોવાનું જાણવા મળ્યું હતું. આ ટિચરને યુદ્ધના ધોરણે એના ઘરમાં આસોલેટ રી દેવામાં આવ્યા હતા. આ કેસની જાણ શાળા સંચાલકે જિલ્લા આરોગ્ય વિભાગ કે શિક્ષણ વિભાગને કરી નથી. ટિચરનો રીપોર્ટ પોઝિટિવ આવતા ધો.૬થી ૮ના વિદ્યાર્થીઓ માટે એક અઠવાડિયાની રજા જાહેર કરવામાં આવી હતી. જિલ્લા પ્રાથમિક શાળાને પણ આ અંગેની કોઈ ખબર નથી. આવા કિસ્સામાં ખાનગી સ્કૂલની વધુ એક બેદરકારી સામે આવી છે. પ્રશ્ન એ પણ ચર્ચામાં છે કે, શિક્ષિકાથી કોઈ વિદ્યાર્થીને ચેપ લાગ્યો હોત તો જવાબદાર કોણ? આ કિસ્સો સામે આવતા વલસાડના વાલીઓ પણ એકાએક ચિંતા વ્યકત કરી રહ્યા છે. બાળકોને સ્કૂલે મોકલતા ડરે છે. રાહતની વાત એ છે કે, છેલ્લા ૧૮૪ દિવસથી સૌથી ઓછા કેસ નોંધાઈ રહ્યા છે. કોરોના વાયરસના કુલ એક્ટિવ કેસની ટકાવારી ૦.૯૨ ટકા રહી છે. દેશભરમાં નવા કેસની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જ્યારે રીક્વરી રેટ ૯૭.૭૫ ટકા થયો છે. ગુજરાત રાજ્યમાં મંગળવારે નવા ૧૪ કેસ નોંધાયા છે. જેમાં એક પણ વ્યક્તિનું મોત થયું નથી. ગુજરાત રાજ્યમાં ૧૩૩ એક્ટિવ કેસ છે. કોરોના વાયરસની બીજી લહેર બાદ પહેલી વખત એક્ટિવ કેસની સંખ્યા ૩ લાખથી ઘટી ગઈ છે. આ સાથે મૃત્યુદરમાં પણ ઘટાડો થયો છે. જે સૌથી સારી વાત કહી શકાય છે. સપ્ટેમ્બર મહિનાની સ્થિતિએ ગત વર્ષ કરતા ઘણો મોટો અને સકારાત્મક સુધારો છે.અનલોકના કાળમાં ધો.૬થી ૧૨ની શાળાઓ શરૂ કરી દેવામાં આવી છે. વિદ્યાર્થીઓને ક્લાસમાં બેસાડીને અભ્યાસ કરાવવામાં આવી રહ્યો છે. આ સાથે ચોક્કસ ગાઈડલાઈન્સનું પણ પાલન કરાવવામાં આવી રહ્યું છે. પણ દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લામાંથી કોરોનાએ શાળામાં એન્ટ્રી કરી લીધી હોવાના વાવડ મળ્યા છે. જેમાં એક ટિચર કોરોના સંક્રમિત થતા દોડધામ મચી ગઈ હતી. યુદ્ધના ધોરણે શાળા બંધ કરી દેવામાં આવી હતી. અંગ્રેજી મીડિયમની આ સ્કૂલમાં ધો.૬થી ૮ના વિદ્યાર્થીઓને એક અઠવાડિયાની રજા આપી દેવામાં આવી છે.

# આઝાદી કા અમૃત મહોત્સવ અન્વયે તા. ૨૪ થી ૩૧ ઓક્ટોબર સુધી ચિલ્ડ્રન પેઈન્ટિંગ વર્ક શોપ આયોજન

ગોધરા,

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા ભારતની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમ અન્વયે રાષ્ટ્રીય એકતા દિવસ ની થીમ પર ચિલ્ડ્રન પેઈન્ટીંગ વર્કશોપનું તા. ૨૪ થી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૧ સુધીમાં આયોજન કરવામાં આવનાર છે. જેમાં ધોરણ ૬ થી ૧૦ સુધી શાળામાં ભણતા વિદ્યાર્થીઓને દૈનિક ૨ કલાક માટે વર્કશોપનું આયોજન અત્રેની કચેરી દ્વારા કરવામાં આવશે. આ વર્કશોપમાં ભાગ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ નિયત નમુનાનુ પ્રવેશપત્ર જિલ્લા રમતગમત અધિકારીની કચેરી પંચમહાલ, જીલ્લા સેવા સદન ભાગ–૨, પ્રથમ માળ, રૂમ નં. ૩૫ ખાતે થી મેળવી તા. ૨૦/૧૦/૨૦૨૧ સુધીમાં સંપુર્ણ વિગત સાથે મોકલી આપવાનું રહેશે. ફોર્મ અત્રેની કચેરીને મળ્યા બાદ પસંદગી પામેલ વિદ્યાર્થીઓને સ્થળ અંગેની જાણ કરવામાં આવશે. વધુ માહિતી માટે રાજેશ પારગી (પ્રાંત યુવા વીકાસ અધિકારી) ફોન નં–૬૩૫૩૯૩૫૬૫૭થી મેળવી શકાશે તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારીની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# પંચમહાલ જિલ્લા ભાજપના લઘુમતી મોરચા દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરાયું

ગોધરા,

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિન થી સેવા અને સમપર્ણના ભાવ સાથે યોજાઈ રહેલ પ્રજાલક્ષી કાર્યક્રમોમાં આજરોજ ગોધરા ખાતે લઘુમતી મોરચા દ્વારા યોજાયેલા આ કાર્યક્રમમાં પંચમહાલ જિલ્લા ભાજપના પ્રમુખ અશ્વિનભાઈ પટેલ, ગોધરાના ધારાસભ્ય સી.કે. રાઉલજી, મહામંત્રી કુલદીપ સિંહ, પરેશભાઈ ચૌહાણ, માલવદીપસિંહ રાઉલજી સહિતના અગ્રણીઓ હાજર રહયા હતા. પંચમહાલ જિલ્લા લઘુમતી મોરચા દ્વારા ગોધરા હૈદરી સોસાયટી મુકામે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના જન્મદિવસ નિમિતે યોજેલ સ્વૈચ્છિક રક્તદાન કેમ્પ માં ૭૬ યુનિટ રક્ત રક્તદાતાઓ દ્વારા કરવામાં આવેલ કેમ્પ જેમાં ગોધરાના લોકપ્રિય ધારાસભ્ય સી.કે. રાઉલજી, જિલ્લા પ્રમુખ અશ્વિનભાઇ પટેલ તેમજ અર્બન બેન્કના મેનેજર તેમજ ગોધરા નગર હાલોલ, કાલોલ, શહેરાના તમામ હોદ્દેદારો તેમજ જીલ્લા લઘુમતી મોરચાના તમામ હોદેદાર દરેક મેડલના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહી અને રકતદાન કેમ્પને સફળ બનાવેલ. સ્વૈચ્છિક રક્તદાન કેમ્પને સફળ બનાવવા માટે જિલ્લા પ્રમુખ મુસ્તુફાભાઇ પુનાવાલા સાથે જિલ્લા ઉપપ્રમુખ રિઝવાન મુલતાની જિલ્લા મહામંત્રી સમંદર ખાન ગોધરા, નગર પ્રમુખ સરફરાઝ શૈખ, કાલોલ શહેર પ્રમુખ ઇકબાલ દીવાન,ગોધરા અર્બન બેન્ક લીના મેનેજર અઝેલાવાલા અને એમ ડી થી સારવાલા અસગરીભાઈ અબ્બાસ દલાલ અને નઈમ મિસ્ત્રી એ ખુબ જ સરસ સહયોગ આપેલ.



ગાંધીનગરના દહેગામ તાલુકાની નગરપાલિકા દ્વારા ૩ મહિના પહેલા શહેરમાં ભૂગર્ભ ગટર માટેની પાઈપો નાખવામાં આવી હતી જે પાઈપો નાખ્યા બાદ પણ હુજ સુધી તે ખાડા સરખા કરવામાં આવ્યા નથી. જેના કારણે હાલમાં ચાલી રહેલા અતિભારે વરસાદને કારણે આ રસ્તા પર ખાડા તેમજ પાણી ભરાઈ ગયા હતા. જેનાથી દહેગામ શહેરની પ્રજા પરેશાન થઈ રહી છે.

# નવા સીએમની અધ્યક્ષતામાં આજે કેબિનેટની પ્રથમ બેઠક

ગાંધીનગર,

ગુજરાતના નવા સીએમ ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે પ્રથમ બેઠક મળવા જઈ રહી છે. તેમજ નવા મંત્રીમંડળમાં મંત્રીઓને વિભાગ ફાળવી દીધા બાદ કેબિનેટની આ પ્રથમ બેઠક છે. આજે મળનારી કેબિનેટ બેઠકમાં દરેક વિભાગોના પડતર પ્રશ્નોને લઈને ચર્ચા કરવામાં આવી શકે છે. જેમાં મંત્રી તરીકે શપથ લીધા બાદ તમામ પ્રધાનોએ વિભાગનો ચાર્જ પણ સંભાળી લીધો છે. તેમજ વિભાગોના પ્રશ્નો અને કામગીરીની સમીક્ષા પણ કરી છે. આ કેબિનેટ બેઠકમાં મહદ અંશે નવરાત્રિને લઈને છૂટ, ધોરણ ૧ થી ૫ ના વર્ગોને ચાલુ કરવા અંગે, હાલમાં રાજ્યમાં પડી રહેલા ભારે વરસાદ બાદ રાહત અને બચાવ કામગીરી. તેમજ લોકોને અપાતી કેશડોલ અંગે પણ ચર્ચા કરવામાં આવશે. આ ઉપરાંત રાજ્યની પ્રથમ કેબીનેટના કેટલાક મહત્વના નિર્ણયોની પણ જાહેરાત કરવામાં આવી શકે છે.

# IPL મેચ શરૂ થતાં અમદાવાદમાં બૂકીઓના નેટવર્ક વધ્યા

અમદાવાદ,

ક્રિકેટ મેચો શરૂ થતા અનેકવાર તમે જોયું હશે કે મેચ પર કરોડોના સોદા લાગે છે અને તેના પર સટ્ટો લાગે છે અને જ્યારથી આઈપીએલ મેચો શરૂ થઈ છે ત્યારના તો દુબઈ થી લઈ ભારત સુધી તમામ પ્રકારના બુકીઓ સટ્ટા લગાવવા તેમજ લોકોને આ સટ્ટાના રેકેટમાં લાવવા લોકો આ વા સટ્ટામાં કરોડો લગાવે છે, કરોડો ખોઈ નાખે છે ત્યારે હાલમાં જ આઈપીએલ મેચ શરૂ થતાં અમદાવાદમાં બુકીઓનો જાણે રાફડો ફાટ્યો હોય તેમ અમદાવાદમાં પોતાનું નેટવર્ક વધારી રહ્યા છે .ઈ.ડીએ વડોદરા પાસેના ફાર્મ હાઉસમાંથી ૪૫૦૦ કરોડના ક્રિકેટ મેચના સટ્ટામાં પકડેલા કુખ્યાત બૂકીઓ કિરણ ઠક્કર ઉર્ફે માલા, ચિરાગ પરીખ, ધિંમન ચૌહાણ અને ટોમી ઉંઝા પણ આ વખતની કરોડો રૂપિયાનો રોજનો સટ્ટો રમી રહ્યા છે. કિરણ માલા હાલ દુબઈ રહીને ચિરાગ પરીખ તેમજ ધર્મીન ચૌહાણ, ટોમી ઉઝા સાથે પોતાનું નેટવર્ક ચલાવી રહ્યા છે. આઈપીએલ શરૂ થતાં જ બૂકીઓ દુબઈ જઈને કરોડોનો ક્રિકેટ મેચના સટ્ટો રમે છે. પરંતુ આ વખતે તેનાથી ઊંધો ટ્રેન્ડ બૂકી બજારમાં જોવા મળ્યો છે. દુબઈના એક વેપારીનું ૫૦૦ કરોડનું ફૂલેકુ ચાર બૂકીઓએ ફેરવ્યું હતું. જેનો રેલો અમદાવાદના મણિનગર અને સેટેલાઈટ સુધી આવ્યો છે. દુબઈ સરકારે વિલાઓમાંથી બૂકીઓને ભારત ડીપોર્ટ કર્યાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે. ગોવા સરકારે કસિનોને પરમિશન આપી હોવાથી હવે કુખ્યાત બુકીઓ ગોવા તરફ પોતાની દોટ મૂકી છે. આ વર્ષે દુબઈને બદલે અમદાવાદ બૂકીઓનું ફેવરિટ હબ બન્યું છે. દુબઈમાં તરુણ છાબરા, યતીન અને અન્ય બે બૂકીઓએ ૫૦૦ કરોડનું ફૂલેકું શેખ નામના વેપારીનું ફેરવી નાખતા તેનો રેલો અમદાવાદના મણિનગરમાં રહેતા બુકી કિરણ ઠક્કર, ધિંમન ચૌહાણ. ચિરાગ પરીખ, ટોમી ઉઝા, મહાદેવ અને અન્ના સહિતના બૂકીઓ પર આવ્યો છે, જેના કારણે દુબઈ સરકારે ભારતના મોટાભાગના બૂકીઓને ડિપોટ કરી ભારત રવાના કરી દીધા છે. બૂકી કિરણ ઠક્કર હાલ પણ દુબઈ રહીને પોતાનું નેટવર્ક ચલાવી રહ્યો છે. તરુણ છાબરાએ દુબઈના વિલામાં ઓનલાઈન, બીટકોઈન, આઈપીએલ ક્રિકેટ મેચનો સટ્ટો અને કસિનોમાં ઓનલાઈન મોટાપાયે સેટઅપ ઊભું કર્યું હતું. તેણે ૧૦થી ૧૨ સ્ક્રીન હોય તેવા કંટ્રોલ રૂમો પણ બનાવ્યા હતા. તેણે જુગાર રમવા માટે વૈભવી ક્લબ બનાવ્યો હતો, જેમાં નેપાળી યુવતીઓને ડીલર (પત્તા બાંટનાર) તરીકે બોલાવતા હતા. આ દરમિયાન તરુણ છાબરા અને તેના ભાગીદારોને મોટી ખોટ જતાં તેણે દુબઈના વેપારીનું ૫૦૦ કરોડનું ફૂલેકું ફેરવી નાખ્યું હતું. આ મામલે દુબઈ પોલીસે ચારેયની ધરપકડ કરી હતી. ત્યારબાદ દુબઈ પોલીસે કડક વલણ અપનાવીને તપાસ કરતા મહાદેવ અને અન્ના નામના બૂકીના નામ ખૂલ્યાં હતાં. આ ઉપરાંત સંચાણિયા સદન અજયભાઈ (જુનાગઢ)ને પણ પોલીસે હાજર થવા માટે નોટિસ ફટકારી હતી. જેના કારણે હવે બૂકીઓ દુબઈની જગ્યાએ અમદાવાદમાં કેટલાક આઈપીએસ અધિકારીઓ સાથે ગોઠવણ કરીને ફરી એકવાર ક્રિકેટ મેચના સટ્ટા રમવા હબ બનાવ્યું છે. અમદાવાદમાં જ ૫૦૦થી વધારે બૂકીઓ રોજનો ૫૦૦ કરોડનો સટ્ટો રમે છે અને રમાડે છે. ઊંઝાના મિલન પટેલ નામના બૂકીએ એસજી હાઈવે પર તેની ઓફિસ ચાલુ કરીને ક્રિકેટ મેચના સટ્ટાનું સામ્રાજ્ય શરૂ કર્યું છે. કરોડોની લેવડ દેવડ કરે છે, આ ખાતાનું ભાડું તેઓ મહિને ૫૦ હજાર ચૂકવે છે. આ ઉપરાંત તેઓ ઓનલાઈન ક્રિકેટ મેચનો સટ્ટો, કેસિનો, શેર બજારનો ડબ્બો, ફૂટબોલ અને ટેનિસના સટ્ટા રમાડે છે. જેમાં તેઓ રોજના ૧૦૦થી ૧૫૦ કરોડની ટ્રાન્ઝેક્શન કરે છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ જીલ્લામાં વહેલી સવારે સાર્વત્રિક વરસાદ પડયો અવિરત વરસાદને લઈ જળાશયોમાં પાણીની આવક થઈ

દાહોદ,

દાહોદ શહેર સહિત જિલ્લામાં આજરોજ વહેલી સવારથી જ મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીના પગલે સર્વત્ર પાણી પાણી છવાઈ ગયાં હતાં. ડેમ, નદી, નાળા જેવા જળાશયોમાં વરસાદી પાણીનો ભરાવો જોવા મળ્યો હતો. ત્યારે બીજી તરફ દાહોદ જિલ્લામાં આવેલ ૦૩ ડેમો પૈકી ૦૪ ડેમો ઓવર ફ્લો થઈ ગયાં હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. ત્યારે ઓવર ફ્લો થઈ ગયેલ ડેમોના આપસાપના વિસ્તારોમાં એલર્ટ પણ આપી દેવામાં આવ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે. દેવગઢ બારીઆ તાલુકામાં આવેલ પાનમ નદી પણ બંન્ને કાઠે વહેતી જોવા મળી હતી. ત્યારે દાહોદની ઐતિહાસિક એવી દુધિમતી નદી આ વખતે ચોસામામાં પ્રથમવાર બંન્ને કાઠે વહેતી જોવા મળી હતી તો દાહોદ શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પણ પાણી ભરાઈ જતાં લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ડેમો ઓવર ફ્લો થઈ જતાં અને ડેમોમાં પાણી સપાટી વધતાં ખેડુતોમાં પણ આનંદની લાગણી વ્યાપી હતી. દાહોદ જિલ્લામાં સવારના ૦૬ થી ૧૨માં કુલ ૧૪૬ મીમી વરસાદ ખાબકી પડ્યો હતો.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

મોડી રાત્રીના સમયે સમયે દાહોદ શહેર જિલ્લામાં વીજળીના કડાકા ધડાકા સાથે મઘરાજાની ધમાકેદાર એન્ટ્રીના પગલે ધોધમાર વરસાદ પડ્યો હતો. બપોરના ૧૨ વાગ્યા સુધી વરસાદી માહોલ જામ્યો હતો. ત્યારે દાહોદ જિલ્લામાં આવેલ ૦૮ ડેમોમાં પાણીના સપાટી પણ વધતી જોવા મળી હતી. જેમાં ૦૪ ડેમો ઓવર ફ્લો થઈ ગયા હોવાનું પણ જાણવા મળી રહ્યું છે જેમાં ઉમરીયા ડેમ, અદલવાડા ડેમ, હડફ ડેમ અને મુવાલીયા ડેમ ઓવરફ્લો થઈ ગયાં હતાં. આ ડેમના આસપાસના વિસ્તારોમાં એલર્ટ પણ જાહેર કરી દેવામાં આવ્યું હતું. ત્યારે ડેમો ઓવર ફ્લો થતાં અને ડેમોમાં પાણીની સપાટી વધતાં ખેડુત મિત્રોમાં આનંદની લાગણી વ્યાપી જવા પામી હતી. આ વર્ષે ચોમાસાની ઋતુના પ્રારંભ સાથે મેઘરાજા ધીમી ધારે વરસતા હતાં અને જેને પગલે ખેડુત મિત્રોમાં ખેતીને લઈ ચિંતા પણ જોવા મળી હતી. આખો શ્રાવણ માસ જાણે કોરોકટ ગયો હતો પરંતુ ભાદરવાના પ્રારંભ સાથે જ મેઘરાજાએ ધમાકેદાર બેટીંગનો આરંભ કર્યો હતો અને સતત ભાદરવાના પ્રારંભ સાથે જ મેઘરાજા દાહોદ જિલ્લામાં મહેરબાન બન્યાં હતા. ત્યારે આજરોજ મોડી રાત્રીથી વહેલી સવારના સમયે વિજળીના કડાકા ધડાકા ભેર પુનઃ એન્ટ્રી કરી હતી. જેને પગલે જિલ્લામાં સર્વત્ર વરસાદી પાણી છવાઈ ગયાં હતાં. આ વર્ષે આખા ચોમાસા દરમ્યાન જે નદી, નાળા, ડેમો ભરાયા ન હતા. તે આજરોજ ભરાયાં હતાં. દાહોદની ઐતિહાસિક દુધિમતી નદી આ વર્ષે ચોમાસામાં પ્રથમ વખત બંન્ને કાંઠે વહેતી જોવા મળી હતી. જિલ્લામાં આવેલ ૦૮ ડેમોમાં પણ પાણીની સપાટી વધી હતી બીજી તરફ નિચાળવાળા વિસ્તારોમાં મોડી રાત્રીના સમયે પાણી ભરાઈ જતાં લોકોને ભારે હાલાકીનો સામનો પણ કરવો પડ્યો હતો.

# મોરવા(હ)ના ધારાસભ્ય અને મંત્રી સામે ઝાલોદ આદિવાસી પરિવારોનો રોષ : મામલતદારને આવેદન આપ્યું

દાહોદ,

મોરવા હડફ વિધાનસભાના ધારાસભ્ય અને નવ નિયુક્ત મંત્રી નિમિષાબેન સુથાર સામે ઝાલોદના આદિવાસી પરિવારમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. નિમિષાબેન સુથાર ખોટા આદિજાતિ પ્રમાણપત્ર ઉપર ચૂંટણી જીત્યા છે. જેથી તેમનું પદ રદ કરવાની માંગ સાથે આજરોજ ઝાલોદ મામલતદારને આવેદન પત્ર સુપરત કરાયું હતું.



હાલમાં જ નવા મુખ્યમંત્રી અને નવા મંત્રીમંડળની રચના થઈ છે. જેમાં મોરવા હડફ વિધાનસભા બેઠક ઉપર વિજય થયેલા નિમિષાબેન સુથારને પણ આદિજાતિ મંત્રાલયના મંત્રી તરીકેની જવાબદારી સોપાઈ છે. તેને લઈને ઝાલોદના સમગ્ર આદિવાસી પરિવારમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. આદિવાસી પરિવારનું કહેવું છે કે, નિમિષબેન સુથારના પિતા સામે આદિજાતિ પ્રમાણપત્રને લઈને કેસ ચાલી રહ્યો છે. નિમિષાબેનના સર્ટિફિકેટ અને તેમના પિતાના સર્ટિફિકેટ બંનેમાં પેટાજ્ઞાતીમાં ફરક છે અને નિમિષાબેન સુથારનું આદિજાતિ પ્રમાણપત્ર ખોટું છે. એ બાબતે હાઈકોર્ટમાં કેસ પણ ચાલી રહ્યો છે. ત્યારે આવા સંજોગોમાં આદિજાતિ વિભાગના રાજયકક્ષાના મંત્રી તરીકે નિમણૂંક થતાં આદિવાસી પરિવારે વિરોધ નોધાવી રાજ્યપાલ અને મુખ્યમંત્રીને સબોધિને આવેદનપત્ર આપી નિમિષાબેન સુથારનું પદ રદ્દ કરવાની માંગણી કરી છે. જો તેમનું પદ રદ્દ ના કરવામાં આવે તો આદિવાસી સમાજ આવનારા સમયમાં ઉગ્ર આંદોલન કરશે તેવી ચીમકી પણ ઉચ્ચારી છે.

# દે.બારીયા શહેરમાં અડધી રાત્રે વિજળીના ધાંધીયા...

દે.બારીયા,

દે.બારીયા શહેરમાં છેલ્લા બે દિવસ થી રાત્રે ૧.૩૦ થી ૩.૦૦ સુધી સતત બે દિવસ લાઈટના ધાંધીયા શરૂ થયા છે. બે કલાકમાં તો લુંટારૂઓ લૂંટીને પણ ઘર ભેગા થઈ જાય પણ લાઈટ ના આવે તેના માટે કોણ જવાબદાર ગણાશે તે સવાલ છે.

પ્રાપ્ત માહિતી મુજબ કોઈપણ વરસાદી ઝાપટા ના હોય આકાશી વિજળીના કડાકાના હોય હવા વંટોળના હોય તો પણ સતત બે દિવસ રાત્રે બે વાગ્યે લાઈટો બંધ કેમ કરવામાં આવે છે. આ વાત કર્મીઓને પુછવામાં આવે છે. તો રાત્રી ડ્યુટીના કર્મીઓને ખબર હશે અમને આ વાતની ખબર નથી. અમારા પંચમહાલ સમાચારના પ્રતિનિધીએ દે.બારીયા વિભાગીય કચેરીના કાર્યપાલક ઈન્જીનિયર જી.એમ.ભુરીયા જેઓ અત્રેની કચેરીના ઈન્ચાર્જ છે. તેમને ટેલીફોનિક જાણ કરતા તેઓને પણ આ વીજ પ્રવાહ બંધ થયાની જાણ બહાર હતા. આજે જ કર્મીઓને કડક સૂચના આપીને તેના ફોલ્ટ અંગે તપાસ કરું છું. જે સમયે ભુરીયા અત્રેના ચાર્જમાં હતા. કોઈ મુશ્કેલી આવી નથી. તેમની બદલી થતા વીજ કર્મીઓમાં બેદરકારી સ્પષ્ટ દેખવા મળે છે. હાલમાં ધાનપુર રોડ ઉપર તાળા તોડી ચોરીના બનાવો બનવા પામ્યો છે. જેથી રાત્રે બે કલાક સુધી વીજ પ્રવાહ બંધ ના રાખવામાં આવે તે માટે શહેરીજનોની માંગ ઉઠવા પામી છે.

# ધાનપુર તાલુકાના દુધામલી ગામે દિપડો ઘરમાં ઘુસી જતાં અફરા તફરી

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાનપુર તાલુકાના દુધામલી ગામમાં દિપડો ઘુસી જતાં ગ્રામજનોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. દિપડો એક ઘરમાં ઘુસી જતાં અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. જ્યારે વન વિભાગની ટીમને આ અંગેની જાણ કરાતાં દિપડાનું રેશ્ક્યું કરી પાંજરે પુરી દેવામાં આવ્યો હતો.

દાહોદ જિલ્લાના ગ્રામીણ અને વન વિસ્તારો તરફ દિપડાનો આતંક ફરી વધ્યો છે. બે – ત્રણ દિવસો અગાઉ એક ૦૩ માસના બાળકને ઓસરીમાં સુતેલ દંપતિ પાસેથી દિપડો ૦૩ માસના બાળકને ઉઠાવી ગયાં બાદ ૦૩ માસના બાળકને ફાડી ખાતા બાળકનું મોત નીપજ્યું. ત્યારે આજે ધાનપુર તાલુકાના દુધામલી ગામે દિપડાએ દેખા દેતાં પંથકમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. દિપડો એક ઘરમાં ઘુસી ગયો હતો. આ અંગેની જાણ નજીકના વન વિભાગને કરાતાં વન વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી. દિપડાને પાંજરે પુરવા માટે વન વિભાગની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. આખરે સાંજના સમયે દિપડાનું રેશ્ક્યું કરી પાંજરે પુરી દેવાતાં ગ્રામજનોએ હાશકારો અનુભવ્યો હતો.

# સાસરીયાના ત્રાસથી વાજ આવેલ પરણિતાની દાહોદ મહિલા પોલીસ મથકે ફરિયાદ

દાહોદ,

પતિ- સાસુ તથા બે નણંદો વગેરે દ્વારા દહેજની રૂપિયાની માંગણી કરી તે રૂપિયા બાપના ઘરેથી લઈ આવવા દબાણ કરી ઘરમાંથી કાઢી મુકી છેલ્લા દશ વર્ષથી ગુજારાતા શારિરીક તથા માનસીક ત્રાસથી વાજ આવેલ મદયપ્રદેશના મેઘનગર ગામની ૩૮ વર્ષીય પરણીતાએ ન્યાયની દાદ માટે દાહોદ મહિલા પોલીસ સ્ટેશનના દરવાજા ખટખટાવ્યાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત વિગત અનુસાર ઝાલોદ તાલુકાના લીમડી નગરના ખેમસરા બજારમા રહેતી ૩૮ વર્ષીય મોનીકાબેનના લગ્ન ગત તા.૨૨.૪.૨૦૧૧ના રોજ મદ્યપ્રદેશના મેઘનગરમા ઝાબુઆ રોડ પર રહેતા રવિન્દ્રકુમાર કવિન્દ્રકુમાર ચોરડીયા સાથે સમાજના રિતરિવાજ મુજબ સંપન્ન થયા હતા અને હાલ મોનીકાબેનને સંતાનમાં બે પુત્રો હોઈ મોનીકાબેનને લગ્નના પ્રારંભના છ માસ તેના પતિ, સાસુ તેમજ અન્ય સાસરીયાઓએ સારી રીતે રાખી હતી. ત્યાર બાદ તેઓનું પોત પ્રકાશ્યુ હતુ અને પતિ રવિન્દ્રકુમારે તુ તારા બાપના ઘરેથી દહેજના રૂપિયા લઈ આવ તેમ કહી રૂપિયા લાવવા દબાણ કરી તેના પતિ રવિન્દ્રકુમાર, સાસુ વિમલાબેન કવિન્દ્રકુમાર ચોરડીયા તથા બે નણંદો મહીદપુર સીટીની કવિતાબેન વર્ધમાન ગાદીયા તથા પારની વિનીતાબેન આશિષકુમાર કાકરીયા એમ ચારે જણાએ ભેગા મળી મોનીકાબેનને બેફામ ગાળો ધાકધમકી આપી તું આ ઘરમાંથી નીકળી જા તેમ કહી અવાર નવાર ઝઘડા કરી માનસીક શારિરીક ત્રાસ આપી પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મુકતા મોનીકાબેન પરત પોતાના પિયરમા લીમડી ગામે આવી ગઈ હતી. તેના માવતરની સલાબહ લીધા બાદ દાહોદ મહિલા પોલીસ સ્ટેશનમા આ સંબંધે ફરીચાદ નોંધાવતા પોલીસે આ સંદર્ભે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# GTUમાં શિયાળુ સત્રની સેમેસ્ટર પરીક્ષાઓનો કાર્યક્રમ જાહેર કર્યા



અમદાવાદ,

જીટીયુ દ્વારા વિગતવાર પરીક્ષાઓનો કાર્યક્રમ થોડા દિવસો પછી જાહેર થશે.જીટીયુ દ્વારા તમામ કોલેજોને પરીક્ષાની તારીખને લઈને વિદ્યાર્થીઓને સૂચના આપવા સર્ક્યુલર કરવામા આવ્યો છે. જીટીયુની સૂચના મુજબ બી.આર્કિટેકચરમાં આર્કિટેકચર ડિઝાઈન અને ડિઝાઈન સ્ટુડિયો વિષયની અને એમ.ઈ-એમ.ફાર્મના ડિઝર્ટેશન વિષયની એક્સટર્નલ પરીક્ષાઓ જીટીયુ દ્વારા જ લેવામા આવશે.જ્યારે અન્ય તમામ કોર્સમાં એક્સટર્નલ પ્રેક્ટિકલ-વાયવા જે તે કોલેજની નક્કી કરાયેલી ફેકલ્ટી દ્વારા લેવાશે.વિવિધ કોર્સમાં જે તે કોલેજે ટર્મ પુરી થયાના ૧૫ દિવસમાં એક્ટર્નલ પ્રેક્ટિકલ-વાયવા પૂર્ણ કરી દેવાના રહેશે.જીટીયુ દ્વારા આગામી શિયાળુ સત્રની સેમેસ્ટર પરીક્ષાઓની તારીખ જાહેર કરવામા આવી છે.જે મુજબ દિવાળીનુ વેકેશન પૂર્ણ થતા જ ૧૬મી નવેમ્બરથી સેમેસ્ટર પરીક્ષાઓ શરુ થશે.જે તમામ ઓફલાઈન મોડમાં જ લેવાશે. કોરોનાને પગલે જીટીયુ દ્વારા ૨૦૧૯- ૨૦૨૦ની ઉનાળુ સત્રની પરીક્ષાઓ તેમજ ૨૦૨૦-૨૧ની શિયાળુ સત્રની પરીક્ષાઓ અને ઉનાળુ સત્રની પરીક્ષાઓ ઓનલાઈન અને ઓફલાઈન એમ બંને રીતે લેવામા આવી હતી.જીટીયુ દ્વારા લગભગ દોઢ વર્ષથી ઓનલાઈન અને ઓફલાઈન પરીક્ષા લઈ રહી છે ત્યારે હવે જીટીયુ દ્વારા આગામી શિયાળુ સત્રની પરીક્ષાઓ ઓફલાઈન જ લેવામા આવશે. ૨૦૨૧-૨૨ના શૈક્ષણિક વર્ષની વિવિધ કોર્સની વિન્ટર સેમેસ્ટર પરીક્ષાઓની તારીખ જાહેર કરવામા આવી છે.જે મુજબ ૧૬મી નવેમ્બરથી સેમેસ્ટર પરીક્ષાઓ શરૂ થશે.પ્રથમ તબક્કામાં ડિગ્રી-ડિપ્લોમાના કોર્સીસની ૫થી૮ સેમેસ્ટરની પરીક્ષાઓ લેવાશે.તબક્કાવાર પરીક્ષાઓ લેવાશે અને જાન્યુઆરી સુધી પરીક્ષાઓ ચાલશે.આ વર્ષે પ્રથમ વર્ષમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓના મોડા પ્રવેશને લીધે તેઓની વિન્ટર સેમેસ્ટર પરીક્ષાઓ જાન્યુઆરી અંત કે ફેબ્રુઆરીમાં થશે.

# ઝાલોદના મીરાખેડી ગામે તસ્કરો ત્રાટકયા એક સાથે ૩ મકાનને નિશાન બનાવ્યા એક મકાન માંથી સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી

ઝાલોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના મીરાખેડી ગામે મધ્યરાત્રીના સમયે અજાણ્યા ચોર ઈસમોએ મીરાખેડી ગામે એક સાથે ૦૩ મકાનોમાં ચોરી માટે ત્રાટક્યાં હતા. જેમાં બે મકાનોમાં ચોરીના નિષ્ફ પ્રયાય થયો હતો. જ્યારે એક મકાનને નિશાન બનાવી સોના – ચાંદીના દાગીના લઈ તસ્કરો ફરાર થઈ ગયાં હોવાનું જાણવા મળે છે. મધ્યરાત્રીના સમયે વરસાદી માહોલ વચ્ચે ચોરીના આ ઘટનાને પગલે વિસ્તારમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

ગતરોજ મદ્યરાત્રીના સમયે ઝાલોદ તાલુકાના મીરાખેડી ગામે અજાણ્યા તસ્કરો ચોરીના ઈરાદા સાથે ગામમાં આવ્યાં હતાં અને ગામના ૦૩ મકાનોમાં ત્રાટક્યાં હતાં. તસ્કરોએ મકાનમાં બાકોરૂં પાડી પ્રવેશ કર્યો હતો. આ ચોરીની ઘટનામાં બે મકાનોમાં ચોરીનો નિષ્ફળ પ્રયાસ નિવડ્યો હતો. જ્યારે એક મકાનમાં ચોરોએ પોતાનો કસબ અજમાવી મકાનમાંથી સોના – ચાંદીના દાગીના વિગેરે લઈ તસ્કરો પલાયન થઈ ગયાં હતાં. જાણવા મળ્યાં અનુસાર, ગામમાં રહેતાં નવલસિંહ વરસિંહ ડાંગીના ઘરમાંથી સોના – ચાંદીના દાગીનાની ચોરી થઈ હોવાનું જાણવા મળી રહ્યું છે. સમગ્ર મામલે સ્થાનીક પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ આરંભ કરી તસ્કરોને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યાં છે.

# લીમડી પંચામૃત ડેરી સામે અજાણ્યા વાહનની ટક્કરે ૬૫ વર્ષીય વૃધ્ધનું મોત

લીમડી,

વહેલી સવારે લીમડી નજીક પંચમહાલ પંચામૃત દુધ ડેરીની સામેના ભાગે રોડ પર અજાણ્યા વાહનની ટક્કર વાગતા ૬૫ વર્ષીય વૃધ્ધ રાહદારીનું સ્થળ પર જ મોત નિપજ્યાનું જાણવા મળેલ છે. પ્રાપ્ત વિગત અનુસાર સીંગવડ તાલુકાના કાળીચારાઈ ગામના નિશાળ ફળીયામાં રહેતા ૬૫ વર્ષીય ધનસુખભાઈ રામસીંગભાઈ હઠીલા પરમ દિવસ તા.૨૦મીના રોજ બપોર પછી તેમના ઘરેથી લીમડી જવાનું કહી નીકળ્યા હતા અને તે પછી પરત ઘરે આવ્યા ન હતા અને રાત્રે ત્યાં ક્યાંક રોકાયા હતા અને ગતરોજ વહેલી સવારે ચાર વાગ્યાથી છ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન તેઓ લીમડી નજીક પંચમહાલ પંચામૃત દુધ ડેરીની સામેના ભાગે રોડ પર જઈ રહ્યા હતા. તે વખતે યમદુત બનીને પુરપાટ દોડી આવતુ અજાણ્યુ વાહન ધનસુખભાઈ હઠીલાને જોશભેર ટક્કર મારી રોડ પર પાડી દઈ નાશી જતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ થતા ધનસુખભાઈ હઠીલાનું સ્થળ પર જ મોત નિપજ્યુ હતું. જેની જાણ રાહુલભાઈ ધનસુખભાઈ હઠીલાને તેના મિત્ર દીલીપભાઈ નારૂભાઈ મકવાણાએ ફોનથી કરી હતી. આ સંબંધે કાળીચારાઈ ગામના નિશાળ ફળીયામા રહેતા મૃત્તક ધનસુખભાઈ હઠીલાના પુત્ર રાહુલભાઈ ધનસુખભાઈ હઠીલાએ લીમડી પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ગુજરાતના નવા મુખ્યમંત્રીને હાર્દિક પટેલે પત્ર લખીને રજૂઆતો કરી

ગાંધીનગર,

હાર્દિક પટેલે આ પત્રમાં લખ્યું છે કે, એક પાટીદાર સમાજના દીકરા તરીકે આપને માંગણી કરૂ છું કે, અનામત આંદોલનમાં મારા સહિત અનેક નિર્દોષ પાટીદારોના કેસ પરત ખેંચવાની કાર્યવાહી બને એટલી ઝડપથી કરવામાં આવે. આવું કરીને ફરી રાજધર્મ નિભાવવામાં આવે. આંદોલનમાં રહેલા દરેક નેતાઓ પર ખોટા કેસ ચાલી રહ્યા છે. આંદોલન દરમિયાન આશરે ૪૦૦ ખોટા ગુના નોંધવામાં આવ્યા છે. આ તમામ કેસ પાછા ખેંચવાનું અગાઉની સરકારે વચન આપેલું છે. જે હજુ સુધી પૂર્ણ થયું નથી. આ માટે જરૂરી અગ્રતા આપીને પાટીદારો પરના ગુના દાખલ કરેલા છે એને પાછા ખેંચવામાં આવે. એવી સમાજ તરફથી નિર્દોષ ભાવે અપીલ કરૂ છું. મારા પર જે રાજદ્રોહ સહિતના ૨૮ ગુનાઓ છે. થોડા સમય પહેલા દેશની સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, સત્તા સામે બોલે એનો વિરોધ કરતા સામે મનફાવે એમ રાજદ્રોહનો ગુનો દાખલ કરી શકાય એમ નથી. અનામત આંદોલન દરમિયાન અલ્પેશ કથિરિયા, લાલજી પટેલ જેવા પ્રમુખ નેતાઓ પર અનેક એવા ખોટા કેસ કરવામાં આવ્યા છે. અત્યાર ૨૦૦ કરતા પણ વધારે કેસ ચાલી રહ્યા છે. આ તમામ ખોટા કેસ પાછા ખેંચવામાં આવે. સરકારે આપેલા વચન પૂરા કરવા એ દરેક મુખ્યમંત્રીની ફરજ બને છે. પદ્માવતી ફિલ્મના વિરોધમાં થયેલા આંદોલન વખતે પણ કરણી સેનાના ઘણા આગેવાનો પર ખોટા કેસ કરી દેવામાં આવ્યા હતા. એમાંથી મોટાભાગના કેસ પાછાં ખેંચી લેવામાં આવ્યા છે. સરકારે પટેલ નેતાઓ સાથે ત્રણ વર્ષ પહેલા ૪૩૮ ખોટા કેસ પાછા ખેંચવા માટે બેઠક કરી હતી. હાલમાં એ બાબતે કામ પૂર્ણ થયું નથી. જેને પૂરા કરવા માટે સરકારે કવાયત શરૂ કરવાની જરૂર છે. આ પત્ર કોઈ રાગદ્વેષ કે બદલાની ભાવનાથી નથી. આ પત્રમાં મારી કોઈ રાજકીય મહત્ત્વકાંક્ષા પણ નથી. સમાજના નિર્દોષ યુવાનોને ન્યાય આપો એવી લાગણી અને માગણી છે. રાજયના પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે તા.૨૯ જુલાઈ ૨૦૧૬માં કેસ પાછા ખેંચવા માટે આદેશ કર્યા હતા. ૪૩૮ કેસમાંથી ગુજરાત સરકારે ૩૯૧ કેસ પાછા ખેંચી લેવા નિર્ણય કર્યો હતો. ગૃહ વિભાગની સમિક્ષા બેઠકમાં આ સૂચના આપવામાં આવી હતી. ગુજરાત રાજયના કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ હાર્દિક પટેલે ગુજરાત રાજયના નવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને એક પત્ર લખીને પોતાના પર રહેલા કેટલાક કેસ પાછા ખેંચવા માટે મોટી રજૂઆત કરી છે. આ વિષય પર તેમણે એક પત્ર લખીને રાજયના નવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને રજૂઆત કરી છે. ગુજરાતના મુખ્યમંત્રીને પાટીદાર સમાજવતી આ પત્ર લખવામાં આવ્યો છે. આ પત્રમાં તેમણે પાટીદાર સમાજની પ્રશંસા કરી છે. પણ મૂળ આ પત્ર ૨૮ ગુનાઓ અને રાજદ્રોહના કેસને લઈને ચર્ચામાં છે.

# વિશ્વને એક તારે બાંધવા, સુરક્ષા અને મદદ માટે યુનોની સ્થાપના કરાઈ હતી

યુએન,

ઈંગ્લેન્ડના વડાપ્રધાન એન્ટની ઈડનના સંદેશાનું આ વાક્ય સ્મરણીય બની રહે તેમ છે. તેમણે દ્વિતીય વિશ્વ યુદ્ધનાં શહીદ થયેલાઓને સ્મરણાંજલિ અર્પતાં કહ્યું હતું કે માનવજાતને એક વધુ તક શાંતિની આપવા માટે. અસંખ્ય જુવાનો શહીદ થયા. આપણે શાંતિ માટે વધુ તક નહીં આપી શકીએ. તો આપણે તે વીરોને છેહ દીધો ગણાશે. યુનોના ખતપત્રમાં તેવી પણ સ્પષ્ટતા કરવામાં આવી હતી કે, હવેથી કોઈ રાષ્ટ્ર અન્ય રાષ્ટ્ર ઉપર પ્રભુત્વ સ્થાપી નહીં શકે. તે ઉપરાંત યુનોની સલામતી સમિતીની પણ રચના કરાઈ જેમાં અમેરિકા, ઈંગ્લેન્ડ, ફ્રાંસ, રશિયા અને તે સમયનું ક્વોમીંગટન ચીન કાયમી સભ્યો બની રહ્યા. રશિયાના આગ્રહથી તે કાયમી સભ્યોને વીટો પાવર આપવામાં આવ્યો. આ સાથે યુનોનો વિધિવત પ્રારંભ થયો. તેમાં વિશ્વના ૫૦ દેશોએ હસ્તક્ષેપ કર્યા હતા. ભારત ઉપર બ્રિટિશ શાસન હતું તેમ છતાંએ તેને ડોમિનિયન સ્ટેટસ (આંતરિક વહીવટી સ્વાતંત્ર્ય) મળ્યું હોવાથી ભારત પણ તે



૫૦ દેશો પૈકીનું એક સિગ્નેટરી રાષ્ટ્ર હતું. જ્યારે યુક્રેન વાસ્તવમાં સોવિયેત સંઘનું જ એક સંઘટક રાષ્ટ્ર હોવા છતાં USSR ઉપરાંત યુક્રેનને પણ યુનોમાં અલગ સીટ-ફાળવવામાં આવી. USSR (સોવિયેત સંઘ) ઉપરાંત યુક્રેન પણ તે ખતપત્રનું એક Signatory રાષ્ટ્ર હતું. આજથી સંયુક્ત રાષ્ટ્રો UN ની મહાસમિતિની પરિષદનો પ્રારંભ થાય છે. પરિષદનું ઉદ્ઘાટન કહેવાતા અમેરિકાના પ્રમુખનાં પ્રવચન સાથે થનાર છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા. ૨૫મીએ પોતાનું પ્રવચન આપનાર છે. આ પરિષદનુ મહત્વ તે છે કે કોરોના કાળ પછી પહેલી જ વખત વિશ્વના દેશોના નેતાઓ જાતે જ ઉપસ્થિત રહેવાના છે. આ પૂર્વે ગઈ પરિષદ તો વર્ચ્યુઅલ-મીટીંગ બની રહી હતી. આ પરિષદનું મહત્વ તેટલા માટે છે કે : એક તરફ કોરોના કાળ સામે માનવજાત હજી પણ લડી રહી છે. તો બીજી તરફ ચીન પૂર્વમાં પેસિફિક તરફ પશ્ચિમે મધ્ય એશિયા તરફ તો દક્ષિણે અગ્નિ-એશિયાઈ દેશો તરફ પોતાનો પંજો પ્રસારતું રહ્યું છે. મધ્ય પૂર્વમાં IS (ઈસ્લામીક સ્ટેટ ખીલાફત)ના આતંકીઓ તથા ISIS નો કેર પ્રસરી રહ્યો છે. તો અફઘાનિસ્તાનમાં હજી પણ ભારેલા અગ્નિ જેવી પરિસ્થિતિ પ્રવર્તે છે. ત્યાં તાલિબાનોને IS તથા પાકિસ્તાનનું લશ્કર પણ સાથ આપી રહ્યું છે. ચીનના ફેલાતા પંજા સામે અમેરિકા, જાપાન, ઓસ્ટ્રેલિયા અને ભારતે સાથે મળી ચતુષ્ટક (ક્વોડ)ની રચના કરી છે. ક્યારે અને શું બનશે, તે કોઈ કહી શકે તેમ જ નથી. તેવે સમયે યુનો વિષે પણ થોડું જાણી લઈએ, કારણ કે જે રીતે વૈશ્વિક ઘટનાઓ ઘટી રહી છે, તે જોતાં યુનોનો ફાળો મહત્વનો-અનિવાર્ય પણ બની રહેનાર છે. દ્વિતીય વિશ્વયુદ્ધ લગભગ સમેટાવા આવ્યું હતું. પ્રથમ વિશ્વ યુદ્ધ પછી જીનીવામાં સ્થપાયેલી લીગ ઓફ નેશન્સ અપ્રસ્તુત બની ગઈ હતી. તેથી કોઈ નવાં જ આંતરરાષ્ટ્રીય સંગઠનની સ્થાપના અનિવાર્ય બની રહી હતી. અમેરિકાના તે સમયના પ્રમુખ ફ્રેક્વીન ડીલાનો રૂઝવેલ્ટે વિશ્વના મહત્વના ૫૦ દેશોને પત્રો પાઠવી આવું એક આંતરરાષ્ટ્રીય સંગઠન ઉભુ કરવા અનુરોધ કર્યો. તેઓ સંમત પણ થયા. આ પરિપત્ર ૧૯૪૪ની અંતે તૈયાર કરવામાં આવ્યો હતો. જે ૧૯૪૫ના ફેબ્રુઆરી માસમાં મળેલી યાલ્ટા પરિષદમાં સ્વીકૃત કરાયો હતો. આ યાલ્ટા નગર ક્રીમીયાના દ્વિપકલ્પના છેડાના ભાગે બ્લેક-સી માં આવેલું છે. સોવિયેત સંઘના સર્વેસર્વા જોસેફ સ્ટાલિનને અહીં આવવું અનુકુળ રહે તેમ હતું. તેથી જ તે પરિષદમાં ત્રણે પશ્ચિમી દેશોના વડાઓ એકત્રિત થયા હતા. ચીનને આ ગતિવિધિમાં આમંત્રણ ન હતું. તે પરિષદમાં અમેરિકા વતી પ્રમુખ રૂઝવેલ્ટ બ્રિટન વતી વિન્સન ચર્ચીલ અને સોવિયેત સંઘ વતી જોસેફ સ્ટાલિન ઉપસ્થિત રહ્યા હતા. તે ત્રણે રાષ્ટ્રોએ પ્રમુખ રૂઝવેલ્ટના પરિપત્રનો સ્વીકાર કરતાં યુનોની સ્થાપનામાં સહકાર આપવાની સંપૂર્ણ તૈયારી દર્શાવી હતી. વાસ્તવમાં યુનો નામ તો ૧૯૪૩ થી પ્રચલિત બની રહ્યું હતું. તેની નીચે યુદ્ધ દરમિયાન, ખેદાન-મેદાન થયેલાં રાષ્ટ્રોની જનતાને, ઔષધીઓ અને વસ્ત્રો પુરા પાડવા તથા તેમને અન્ન પણ પુરુ પાડવા UNRRA (યુનાઈટેડ નેશન્સ રીલીફ એન્ડ રીહેબીલીટેશન) એડમિનિસ્ટ્રેશનની રચના કરી હતી. તે દ્વારા તે સર્વેને સહાય પહોંચાડવામાં આવતી હતી. આ સંગઠન માટે એક સેક્રેટરી જનરલની પણ અનિવાર્યતા ઉપસ્થિત થાય તે સહજ છે. તે માટે અમેરિકાનાં વિદેશ મંત્રાલયમાં ફરજ બજાવતા ૩૬ વર્ષના એલ્ગર હીસને પસંદ કરાયા. હીસ હાર્વડ લો સ્કૂલના એક તેજસ્વી વિદ્યાર્થી હતા. તેઓના પ્રોફેસર ફેલિક્સ ફ્રેક્ફર્ટ તો વિશ્વવિખ્યાત વિદ્વાન હતા. તેઓએ જ એલ્ગર હીસનું નામ (અમેરિકામાં) વિદેશ-મંત્રાલયના સચિવ પદ માટે સૂચવ્યું હતું. આ હીસ યાલ્ટા પરિષદ સમયે પ્રમુખ રૂઝવેલ્ટની સાથે યાલ્ટા ગયા હતા. સાતમી મે ૧૯૪૫ના દિને સાન ફ્રાંસિસ્કોમાં યુનોની સ્થાપના માટેની વિધિવત જાહેરાત કરવામાં આવી. તે પ્રસંગ બોનાન્ઝા બુકસ ન્યૂયોર્ક દ્વારા બહુ સરસ રીતે વર્ણવવામાં આવ્યો છે. ૭મી મેનો તે દિવસ હતો. હૂંફાળી, સૂર્ય પ્રકાશભરી સવાર હતી. બપોરથી વાદળો છવાવા લાગ્યાં. સાન-ફ્રાંસીસ્કોના ઓપેરા હાઉસ બહાર વિશ્વ જ્યારે આયોજિત-શાંતિનો પ્રારંભ કરી રહ્યું હતું. ત્યારે અચાનક વરસાદ શરૂ થયો. યુનોના સભ્ય દેશોના ભીના ધ્વજો પણ અર્ધી કાઠીએ ઉતરી ગયા. યુનોનો વિચાર આપનાર અને તેને સાકાર કરનાર પ્રમુખ ફ્રેક્લિન ડીલાનો રૂઝવેલ્ટનું નિધન હતું. તેઓનાં નિધન પછી ઉપપ્રમુખ ટ્રૂમેને પ્રમુખપદનો હવાલો સંભાળ્યો હતો. તેઓ સાનફ્રાન્સીસ્કો જઈ શકે તેમ ન હતા. તેમણે તેમના સંદેશામાં કહ્યું-ન્યાય તે પૃથ્વી ઉપરની સૌથી પ્રબળ શક્તિ છે. અમે તે શક્તિને નમીએ છીએ. જયારે સોવિયેત સંઘ વતી યુનોના ઉદઘાટન સમયના સંદેશમાં વિશ્વ શાંતિ માટે ત્રણે દેશો-અમેરિકા, ઈંગ્લેન્ડ, ફ્રાંસ ઉપર જવાબદારી ઢોળી હતી અને જણાવ્યું હતું. એ ત્રણે સત્તાઓએ અસરકારક તેવી આંતરરાષ્ટ્રીય સલામતી તંત્ર ઉભુ કરવાની જવાબદારી લેવી જ જોઈએ.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.27

## ગોધરા તાલુકા વિકાસ અધિકારીના શાસનમાં

# ગોધરા તાલુકાના વડેલાવ અને ભામૈયા (પૂર્વ)ના તલાટીઓએ TDOના હુકમને ધોળી ને પી ગયા

## ગોધરા તાલુકાના વડેલાવ અને ભામૈયા (પૂર્વ) ગામમાં થયેલ વિકાસ કામોમાં ભારે ગેરરીતિ થવાની ઉઠી બૂમો

ગોધરા,

ભારતના સંવિધાને લોકશાહી ગણરાજ્યની સ્થાપના કરેલ છે. લોકશાહીમાં લોકો એટલે કે, નાગરિકો સર્વપરી છે. તેમના દ્વારા દેશની સર્વોચ્ચ સંસ્થા સંસદની રચના થઈ છે. સરકાર દ્વારા તે વતિથી થતા તમામ જાહેર કાર્યો માટે જાહેર નાણાં ખર્ચાય છે. નીતિઓ અને કાયદાઓ ઘડાયા પછી તેનો અમલ કરવાની જવાબદારી જાહેર સંસ્થાઓની હોય છે. આ જાહેર સંસ્થાઓ કેવી રીતે કામ કરે છે...? શું કામ કરે છે...? તેમાં કેટલા નાણાં કેવી રીતે ખર્ચાય છે...? તેની તમામ વિગતો જાણવાનો અધિકાર દેશના તમામ નાગરિકોને આપેલ છે. તે તમામ વિગતો જાણવા માટે માહિતી અધિકારનો કાયદો ૨૦૦૫ દ્વારા નિશ્ચિત કરવામાં આવ્યો છે. આ કાયદાના અંતર્ગત દેશના તમામ નાગરિકોને માહિતી જાણવાનો અધિકાર છે. પરંતુ જાડી ચામડીના બની બેંઠેલા અને પોતાને પૈસો મારો દાસ અને હું પૈસાનો પૂજારી સમજનાર તેવા ગોધરા તાલુકાના વડેલાવ અને ભામૈયા (પૂર્વ) ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટી કમ મંત્રીઓ પોતાની પંચાયતોમાં મનસ્વી વર્તન આચરી સરકાર દ્વારા ગરીબોના કલ્યાણ માટે આપેલ નાણાંની સહાય કે ગામમાં કરેલ વિકાસ માટે આવેલ યોજનાની માહિતી છુપાવી માહિતી અધિકારી અધિનિયમની ધજીયા ઉડાવતા જોવા મળે છે. અરજદાર દ્વારા કરેલ અરજીની માહિતી સમયમર્યાદમાં ન આપતાં અને અરજદારે માહિતી મેળવવા માટે કરેલ અપીલની સુનાવણીમાં અપીલ અધિકારી એવા તાલુકા વિકાસ અધિકારીને ખોટા નિવેદનો આપી ઉલ્ટુ બનાવીની સીસ્ટમ અપનાવી અધિકારીને પણ ગેરમાર્ગે દોરતા હોવાનું સામે આવ્યું છે. અને સુનાવણી દરમ્યાન અપીલ અધિકારીશ્રી એવા તાલુકા વિકાસ અધિકારીએ અરજદારને માંગેલ માહિતી ૧૫ દિવસમાં આપવાનું હુકમ કરવા છતાં તે હુકમને વડેલાવના અને ભામૈયા (પૂર્વ)ના તલાટી ધોળીને પી ગયા હોય તેમ લાગી રહ્યું છે.

ગોધરા તાલુકાની વડેલાવ ગ્રામ પંચાયત તેમજ ભામૈયા (પૂર્વ) ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીઓ દ્વારા પંચાયત વિસ્તારોમાં થયેલ વિકાસલક્ષી કામો અંગેની માહિતી માંગવામાં આવી હતી. ત્યારે તેઓના હસ્તકમાં આવેલ પંચાયત વિસ્તારોમાં વિકાસ કામોની ગેરરીતિ બહાર આવી જાય અને પોતાની નોકરી જોખમમાં મૂકાઈ જાય તેવા ડર થી અરજદારને સમય મર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવી નથી. જેથી અરજદાર અપીલમાં જાય ત્યારે તલાટી કમ મંત્રી અપીલ અધિકારીને ખોટા નિવેદનો આપીને અપીલ અધિકારીશ્રી તેવા તાલુકા વિકાસ અધિકારીને પણ ગેરમાર્ગે દોરી રહ્યા હોવાનું સામે આવ્યું છે. વડેલાવ અને ભામૈયા (પૂર્વ) ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટી કમ મંત્રીઓ દ્વારા જાહેર માહિતી અધિકાર અંતર્ગતની માહિતી નહિ આપીને ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓને છુપાવવા માંગી રહ્યા હોય તેવું પ્રતિત થઈ રહ્યું છે.

ગોધરા તાલુકાના વડેલાવ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી ૧૨ મે ૨૦૨૧ના રોજ જાહેર માહિતી અધિકાર અંતર્ગત પંચાયત વિસ્તારમાં થયેલ વિકાસના કામો અંગેની માહિતી માંગવામાં આવી હતી. તલાટી કમ મંત્રી દ્વારા સમય મર્યાદામાં માહિતી નહિ પુરી પાડતા ૨૫ જુન ૨૦૨૧ના રોજ પ્રથમ અપીલ અધિકારીને અપીલ કરવામાં આવી હતી. જેની સુનાવણી ૨૩ ઓગસ્ટ ૨૦૨૧ના રોજ રાખવામાં આવી હતી. ત્યારે વડેલાવ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી દ્વાર અપીલ અધિકારીને અરજદારને દફતર નિરીક્ષણ માટે તારીખ આપવામાં આવી હતી. તેમ છતાં દફતર નિરીક્ષણ માટે હાજર રહેલ નથી. અપીલ અધિકારીને જણાવેલ હોય પરંતુ હકીકત મુજબ અરજદારને પંચાયતના તલાટી કમ મંત્રી દ્વારા અરજદારને ૨ જુન ૨૦૨૧ના રોજ દફતર નિરીક્ષણ માટે બોલાવવામાં આવ્યા હતા અને અરજદાર રૂબરૂમાં ગ્રામ પંચાયત વડેલાવના કચેરી ખાતે જે તે સમયે રૂબરૂ હાજર થઈ જઈ દફતર નિરીક્ષણ માટેની અરજીના અનુસંધાનમાં તેજ સમયે અરજદારે તલાટી કમ મંત્રી વડેલાવને લેખિતમાં બીજી વિનંતી અરજી કરી તેમાં જણાવેલ કે, અમો એ માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળની કરેલ અરજીમાં જે મુદ્દાઓની માહિતી માંગેલ છે. તે મુદ્દાઓ મુજબની માહિતી નકલના સ્વરૂપમાં આપવી. તેની જે પણ ફી હશે તે ભરવા અમો તૈયાર છે. તેવું લેખિતમાં અરજી કરેલ છે.

તેમ છતાં વડેલાવ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી અપીલ અધિકારીને અરજદારને દફતર નિરીક્ષણ માટે તારીખ ફાળવેલ હતી અને હાજર રહયા નથી. તેવી ખોટી માહિતી આપીને પ્રથમ અપીલ અધિકારીને ગેરમાર્ગે દોરવામાં આવે છે. વડેલાવ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી તેમના સમયગાળામાં વિકાસના કામોમાં થયેલ ભ્રષ્ટાચાર ખુલ્લો ન પડી જાય તે ઈરાદા થી માહિતી પુરી પાડવામાં આવી નથી. વડેલાવ ગ્રામ પંચાયતના તલાટી દ્વારા પંચાયતના વિસ્તારમાં થયેલ વિકાસના કામોમાં ભ્રષ્ટાચાર છાવરવાના હેતુથી માહિતી ન આપવી પડે તે માટે અરજદાર સાથે પ્રથમ અપીલ અધિકારીને પણ ગેરમાર્ગે દોરી રહ્યા છે. વડેલાવ ગ્રામ પંચાયતના તલાટી દ્વારા અરજદારને દફતર નિરીક્ષણ માટે પંચાયત કચેરી ખાતે હાજર રહેવા જણાવેલ હોય તે તારીખે અરજદાર પંચાયતમાં હાજર રહ્યા હતા અને લેખિતમાં દફતર નિરીક્ષણના સ્થાને માંગણી મુજબની માહિતીની નકલ આપવા માટે જણાવેલ હોય તેઓ આધાર પણ અરજદાર પાસે હોવા છતાં તલાટી પોતાની હોશિંયારીમાં અરજદાર પંચાયતમાં હાજર રહ્યા હોય તે ભુલી ગયા અથવા અરજદારને માહિતી આપવી ન પડે તેવા ઉદ્દેશ્ય સાથે પ્રથમ અપીલ અધિકારીને પણ ગેરમાર્ગે દોરવામાં આવ્યા હોય તેવું પ્રતિત થઈ રહ્યું છે. ત્યારે વડેલાવ ગ્રામ પંચાયતના વિકાસના કામોની સ્થળ તપાસ કરવામાં આવે તે જરૂરી લાગી રહ્યું છે.

ગોધરા તાલુકાના ભામૈયા (પૂર્વ) ગ્રામ પંચાયતમાં અરજદાર દ્વારા ૨૦ એપ્રિલ ૨૦૨૧ના રોજ માહિતી અધિકાર કાયદા અંતર્ગત માહિતી માંગવામા આવી હતી. પંચાયતના તલાટી કમ મંત્રી દ્વારા ૩૦ દિવસમાં માહિતી પુરી પાડવામાં નહિ આવતાં ૩૧ મે ૨૦૨૧ના રોજ પ્રથમ અપીલ અધિકારીને કરવામાં આવી હતી. જેની સુનાવણી ૩૦ ઓગસ્ટ ૨૦૨૧ના રોજ રાખવામાં આવેલ હતી. પ્રથમ અપીલ અધિકારી સમક્ષ હાજર રહેલા ભામૈયા (પૂર્વ)ની તલાટી કમ મંત્રી દ્વારા પોતાને કોરોના થઈ ગયેલ હોય જેને લઈ હાજર રહેલ ન હતા. તેવું બહાનું આગળ ધરીને અપીલ અધિકારીને ગેરમાર્ગે દોરી રહ્યા છે. હકીકત મુજબ ભામૈયા (પૂર્વ)ના તલાટી જે તે સમયે માહિતી અંતર્ગતની અરજી આપવામાં આવી હતી. તે સમયે કોરોના થયેલ હતો. તેમ છતાં અરજદારને રેકર્ડ ચકાસણી માટે કચેરીમાં બોલાવાના સમયગાળામાં કોરોના થયેલ હોય તેવી માહિતી આપીને અપીલ અધિકારીને ગેરમાર્ગે દોરી રહ્યા છે. ત્યારે સવાલ એ થાય છે કે, સુનાવણી દરમ્યાન ભામૈયા (પૂર્વ)ના તલાટી એ જે નિવેદનો આપેલ છે. તેના અનુસંધાનમાં અધિકારી દ્વારા તપાસ કરવામાં આવે તો દુધનું દુધ અને પાણીનું પાણી સામે આવે તેમ છે. કેમકે, ભામૈયા (પૂર્વ)ના તલાટી દ્વારા જે નિવેદન આપવામાં આવે છે. તે સમય કાર્ય કાળ દરમ્યાન આ તલાટી કેટલા દિવસની રજા પર હતા અને કેટલા દિવસ સેજા પર હતા તેની હકીકતની તપાસ થાય તો કોરોના મહામારીની બિમારીનું બહાણું કરી પોતાની ફરજમાં બેદરકાર રહે છે. તે સ્પષ્ટ થશે.

ભામૈયા (પૂર્વ) ગ્રામ પંચાયત વિસ્તારમાં વિકાસના કામોમાં ગેરરીતિ થયેલ હોય તેમજ અમુક કામો કર્યા વગર ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે. તેવી સ્થાનિક લોકોની બુમો ઉઠવા પામી છે. ત્યારે જો પંચાયત વિસ્તારમાં થયેલ વિકાસના કામોની માહિતી આપવામાં આવે તો ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓ ખુલ્લી ન પડે તેવા આશય સાથે માહિતી પુરી પાડવામાં આવી નથી.

**- વડેલાવ અને ભામૈયા (પૂર્વ)માં થયેલ વિકાસ કામો અંગેની સ્થળ તપાસ થાય તેવી લોકોની માંગ.**
**- ગોધરાના વડેલાવ અને ભામૈયા (પૂર્વ) ગ્રામ પંચાયતના તલાટીઓ માહિતી આપવામાં નિષ્ફળ કેમ..?**
**- અપીલના સુનાવણી દરમિયાન વડેલાવ અને ભામૈયા (પૂર્વ)ના તલાટીઓએ બેજવાબદાર અને ગેરમાર્ગે દોરતા નિવેદનો આપ્યા.**

## હાલોલ ST ડેપો મેનેજર એ ડ્રાઈવર પાસેથી ફિકસ રૂટ માટે ૧૦ હજારની લાંચ લેતાં ACB દ્વારા છટકું ગોઠવી રંગે હાથે ઝડપી પાડયો



હાલોલ,

હાલોલ એસ.ટી. ડેપો મેનેજર દ્વારા ફરિયાદી ડ્રાઈવરને ફિકસ રૂટ ઉપર થી રોટેશન રૂટ ઉપર ઉતારવામાં આવ્યા હતા. જેને લઈ ડેપો મેનેજરને મળીને ફિકસ રૂટ આપવા રજુઆત કરી હોય ત્યારે ડેપો મેનેજર દ્વારા ફિકસ રૂટ નોકરી માટે ૧૦ હજારની માંગણી કરતાં ફરિયાદી દ્વારા ગોધરા એસીબીમાં ફરિયાદ કરેલ હતી અને એસીબી દ્વારા ટ્રેપ ગોઠવીને ડેપો મેનેજરને ૧૦ હજારની લાંચ લેતાં રંગેહાથે ઝડપી પાડવામાં એસ.ટી.વિભાગનો ડેપો મેનેજર લાંચમાં પકડતા અન્ય ભ્રષ્ટ અધિકારી અને કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

વિસ્તૃત વિગતો પ્રમાણે હાલોલ એસ.ટી.ડેપોમાં ડ્રાઈવર તરીકે અરજદાર દાહોદ થી સુરતના ફિકસ રૂટ ઉપર ફરજ બજાવતા હતા. ત્યાંથી ૯ સપ્ટેમ્બરના રોજ દાહોદ-સુરતના ફીકસ રૂટ ઉપર રોટેશન રૂટ ઉપર ઉતારવામાં આવ્યા હતા. જેને લઈ ફરિયાદી ફિકસ રૂટ આપવા માટે એસ.ટી.ડેપો મેનેજર દ્વારા દાહોદ-સુરત ફિકસ રૂટ આપવા માટે ૧૦ હજાર રૂપીયાની લાંચની માંગણી કરેલ હતી. અરજદાર લાંચ આપવા માંગતા ન હોવાથી ગોધરા લાંચ રૂશ્વત શાખા (એસીબી) કચેરીમાં ફરિયાદ કરેલ હતી. ગોધરા એસીબી પી.આઈ.. જે.એમ.ડામોર અને એસીબી ટીમ તેમજ વડોદરા એકમના નિયામક એસ.એસ. ગઢવીના સુપર વિઝનમાં ટ્રેપ ગોઠવવામાં આવી હતી. આજરોજ હાલોલ એસ.ટી.વર્કશોપ કંપાઉન્ડ ખાતે છટકું ગોઠવીને ૧૦ હજાર રૂપીયાની લાંચ લેતા રંગેહાથે ડેપો મેનેજરને ઝડપી પાડવામાં આવ્યો. ૧૦ હજારની લાંચ લેતાં ડેપો મેનેજર ઝડપાઈ જતાં અન્ય લાંચિયા અધિકારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

## ગોધરા જાફરાબાદ વિસ્તારમાં કોમન પ્લોટમાં ગેરકાયદેસર કબ્જો કરતાં એક વ્યકિત સામે લેન્ડ ગ્રેબિંગનો ગુનો નોંધાયો

ગોધરા,

ગોધરા શહેરના જાફરાબાદ વિસ્તારમાં આવેલા કોમન પ્લોટમાં ગેરકાયદે કબ્જો કરવામાં આવતા ગોધરા શહેર એ ડીવીઝન પોલીસે એક વ્યકિત સામે લેન્ડ ગ્રેબિંગ એકટ મુજબનો ગુન્હો દાખલ કરી ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે. ઉલ્લેખનીય છે કે, જે કોમન પ્લોટનો ઉપયોગ વૃત્તાલય વિહારામ સોસાયટીના રહીશો કરતા હતા. તે જ કોમન પ્લોટમાં આરોપી પોતાનું પતરાવાળું રહેણાંક મકાન બનાવી રહેતો હોય અને કબ્જો પરત ન કરતા તેની સામે ગુન્હો નોંધાયો છે.

ગોધરા શહેર એ ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે શહેરના અંકલેશ્વર મહાદેવ વિસ્તારમાં રહેતા મણીભાઈ શનાભાઈ પટેલ એ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યું હતું કે, જાફરાબાદ વિસ્તારમાં બનાવવામાં આવેલા વૃત્તાલય વિહારમ સોસાયટીમાં આવેલા કોમન પ્લોટ જે સરકાર હસ્તક હોય જે કોમન પ્લોટનું ક્ષેત્રફળ ૧૧૧૫.૧૭ ચો.મી હોય જે કોમન પ્લોટ નો ઉપયોગ વૃત્તાલય વિહારામ સોસાયટીના રહીશો કરતા હોય જે કોમન પ્લોટ પૈકીની પુર્વ દિશા તરફ આઈ.ટી.આઈના કમ્પાઉન્ડ પાસે કોમન પ્લોટની જગ્યામાં ચીમન મસુરભાઈ દંતાણી રહે, વૃત્તાલય વિહારામ સોસાયટી નાઓએ ગેરકાયદે કબ્જો કરી તેઓનું પતરા વાળુ રહેણાંક મકાન બનાવી રહેતા હોય જેથી મણીભાઈ તથા અન્ય સ્થાનિકોએ ચીમન ને સોસાયટીના જમીનમાં આવેલ કોમન પ્લોટમાં કરેલ કબ્જો પરત સોંપી દેવા માટે અવારનવાર જાણ કરવા છતાં સોસાયટીના કોમન પ્લોટમાં કરેલ કબ્જો પરત નહીં કરતા ફરીયાદી મણીભાઈ પટેલે સરકારના લેન્ડ ગ્રેબિંગ એકટના કાયદા મુજબ જીલ્લા કલેકટરને અરજી કરતા સુનાવણીના અંતે ફરીયાદ દાખલ કરવાનો હુકમ કરતા શહેર એ ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવવામાં આવી છે પોલીસે જમીન પચાવી પાડવા અંગેનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## કાલોલ ડેરોલ ગામ સત કૈવલ મંદિરમાં ફ્રી મેડીકલ કેમ્પ યોજવામાં આવ્યો



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,

કાલોલ ડેરોલગામ સત કૈવલ મંદિરના સ્થાનિધ્યમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસના સેવા અને સમર્પણ સપ્તાહ નિમિત્તે ફ્રી મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. ફ્રી મેડિકલ કેમ્પમાં ડાયાબિટીસ અને બીપી પણ ફ્રી માં તપાસ કરવામાં આવી હતી. આ ફ્રી કેમ્પમાં ગામનાં દર્દીઓએ સેવાકીય કેમ્પનો લાભ લીધો હતો. કેમ્પમાં જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ અશ્વીનભાઈ પટેલ, કાલોલ વિધાનસભાના ધારાસભ્ય સુમનબેન ચૌહાણ,જીલ્લા ઉપપ્રમુખ ડો. યોગેશભાઈ પંડ્યા, જીલ્લા પંચાયત જીલ્લા ભાજપ મંત્રી ગિરવતસિંહ પરમાર, મંડલ કાલોલ ભાજપ પ્રમુખ નરેન્દ્રસિંહ ગોહિલ, ભાજપ મંત્રી કિરણસિંહ સોલંકી, તાલુકા પંચાયત પ્રમુખ જયદેવભાઈ ઠાકોર તથા કાલોલ ડેરોલગામ તાલુકા સભ્ય વિપુલભાઈ તથા ભાજપના તમામ કાર્યકરઓ ઉપસ્થિતિ રહ્યા હતાં.

## ગોધરા રામસાગર તળાવ માંથી યુવકનો મૃતદેહ મળી આવ્યો

ગોધરા,

ગોધરા શહેરના મધ્યમાં આવેલા રામસાગર તળાવમાંથી એક યુવકની લાશ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. પાલિકાના ફાયરબ્રિગેડ દ્વારા લાશને બહાર કાઢવામાં આવી હતી. ગોધરા શહેરના મધ્યમાં આવેલા રામસાગર તળાવમાંથી એક યુવકનો મૃતદેહ મળી આવ્યો છે. મૃતક યુવક ભાવેશ રાણા હોવાનું બહાર આવ્યું છે.જે બીમારી થી પીડાતો હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે શહેરના રામસાગર તળાવના કિનારા ખાતે લાશ તરતી હોવાની વાત વાયુવેગે શહેરમાં પ્રસરતા લોકટોળા ઉમટયા હતા બનાવની જાણ ગોધરા ફાયરબ્રિગેડને કરવામાં આવતા ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને તળાવમાં તરતી યુવકની લાશ બહાર કાઢવામાં આવી હતી. યુવકની ઓળખ થતા તેના પરીવાર ના સભ્યો પણ તળાવ ખાતે દોડી આવ્યા હતા. જે મામલે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## શહેરા ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડને વિધાનસભા ગૃહના ઉપાધ્યક્ષ તરીકે થનાર વરણીને ભાજપ અગ્રણીઓમાં ખુશી



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડને વિધાનસભા ગૃહના ઉપાધ્યક્ષ તરીકેની વરણી થનાર હોવાથી ભાજપ કાર્યાલય ખાતે ભાજપ અગ્રણીઓ અને કાર્યકરોએ એકબીજાને મોં મીઠું કરાવીને ખુશી વ્યક્ત કરી હતી. સોમવારના રોજ ભવ્ય ઉજવણી વિધાનસભા મત વિસ્તારના અનેક ગામોમાં થનાર છે.

શહેરા ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ પાછલા પાંચ ટર્મથી સતત જીત મેળવી ને તાલુકાના વિકાસમાં તેમનો મહત્વનો ફાળો રહેલો છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ મંત્રીમંડળની રચના બાદ ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડને વિધાનસભા ગૃહના ઉપાદયક્ષ તરીકેની વરણી થનાર હોવાથી ભાજપમાં અને પ્રજાજનોમાં ભારે ખૂશીની લહેર છવાઈ હતી. તાલુકા ભાજપ કાર્યાલય ખાતે જીલ્લા મહામંત્રી જીગ્નેશભાઈ પાઠક, તાલુકા ભાજપ પ્રમુખ મગનભાઈ પટેલિયા, ભાજપ અગ્રણી ભૂપતસિંહ પટેલ, જિલ્લા પંચાયત કારોબારી અદયક્ષ દુધાભાઈ બારીઆ, પી.ડી.સોલંકી, મહામંત્રી સંજયભાઈ બારીયા, તાલુકા પંચાયત પ્રમુખ રાયજી ભાઈ નાયક અને ઉપ પ્રમુખ ભારત સિંહ સોલંકી તેમજ માજી તાલુકા પંચાયત પ્રમુખ ઉષાબેન બારીયા સહિત ભાજપના તાલુકા પંચાયત સભ્ય, જિલ્લા પંચાયત સભ્યો તેમજ સરપંચો અને ભાજપ અગ્રણીઓ સહિત કાર્યકરો મોટી સંખ્યામાં એકત્રીત થયા હતા. ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડને વિધાનસભા ગૃહના ઉપાદયક્ષ તરીકે વરણી થનાર હોવાથી કાર્યાલય ખાતે ઉપસ્થિત ભાજપ અગ્રણીઓ અને કાર્યકરોએ એકબીજાને મીઠાઈ ખવડાવીને મોં મીઠું કરીને ખુશી વ્યકત કરી હતી.સાથે સોમવારના રોજ ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડની વિધાનસભા ગૃહના ઉપાદયક્ષ તરીકે વિધિવત રીતે જાહેરાત થયા બાદ વિધાનસભા મત વિસ્તારના અનેક ગામોમાં ભાજપ કાર્યકરો અને ગ્રામજનો દ્વારા ફટાકડા ફોડીને ઉજવણી કરવામાં આવનાર છે. પંચમહાલ જિલ્લામાં વર્ષો બાદ પ્રથમ વખત વિધાનસભા ગૃહના ઉપાદયક્ષ તરીકે ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડની વરણી થનાર હોવાથી જિલ્લાવાસીઓમાં તેમજ ભાજપ કાર્યકરોમાં પણ ભારે ખૂશીની લહેર છવાઈ જવા પામી હતી.

### પાવાગઢના ટ્રસ્ટી અને સીએ બંને ભૂગર્ભમાં...

## દુષ્કર્મ કરનાર બંને આરોપીના ઘરે પોલીસના દરોડા

ગોધરા,

વડોદરાનો ચકચાર ભર્યો દુષ્કર્મ કેસમાં દિવાળીપુરામાં રહેતી અને મૂળ હરિયાણાના રોહતકમાં રહેતી લોનો અભ્યાસ કરતી વિદ્યાર્થિની ગોત્રી પોલીસમાં પહોંચી હતી. તેણે અશોક અસ્કણ જૈન(રોકડનાથ સોસાયટી, દિવાળીપુરા) તેમજ પાવાગઢ મંદિરના ટ્રસ્ટી અને ઈન્વેસ્ટર રાજુ ભટ્ટ(નિઝામપુરા) સામે ફરિયાદ નોંધાવતાં જણાવ્યું કે, તે ૫ માસથી અશોક જૈનની લેન્ડ લો ટ્રેનિંગ પ્રોજેક્ટનું કામ કરે છે. આજવા રોડ પર આવેલી સહારા ઈન્ડસ્ટ્રીઝની જમીન અંગેની મિટિંગો ઈન્વેસ્ટર રાજુ ભટ્ટ અને અશોક જૈન સાથે ચાલતી હતી. એક મિટિંગમાં અશોક જૈને કેફી પદાર્થવાળું ઠંડુ પીણું પીવડાવી તેની સાથે અડપલાં કર્યા હતાં. ત્યારબાદ પણ અશોક જૈન ફરી યુવતીના ફ્લેટ પર જઈ તેના વાળ પકડી બેડરૂમમાં લઈ ગયો હતો અને માર મારી કપડાં ફાડી નાખી દુષ્કર્મ કર્યું હતું. તે પછી તેણે ઈન્વેસ્ટર રાજુ ભટ્ટને પણ ખુશ કરવા જણાવ્યું હતું. ત્યારબાદ બીજા દિવસે રાજુ ભટ્ટ પણ તેના ઘેર ગયા હતા અને યુવતીને ધક્કો મારી ટીવી ઊંચું કરી ફેંક્યું હતું અને બેડરૂમમાં લઈ જઈ બળજબરીથી દુષ્કર્મ કર્યું હતું અને ધમકી આપી હતી કે, રેકોર્ડિંગ કર્યું છે તે વાયરલ કરીને બદનામ કરી દઈશ. યુવતીના ન્યૂડ ફોટા પણ યુવતીના મિત્રને મોકલી વાયરલ કર્યા હતા. આ મામલે ગોત્રી પોલીસે સીએ અશોક જૈન અને પાવાગઢ મંદિરના ટ્રસ્ટી રાજુ ભટ્ટ ગુનો નોંધી તપાસ આદરી હતી. દરમિયાન ગુનો નોંધાયા બાદ ફરાર થઈ ગયેલા સીએ અશોક જૈન અને ઈન્વેસ્ટર રાજુ ભટ્ટ ભૂગર્ભમાં ઊતરી ગયા હતા. પોલીસે જણાવ્યું હતું કે, અશોક જૈનની ઓફિસ તથા તેના ઘેર પોલીસની એક ટીમ પહોંચી હતી પણ તે મળી આવ્યા ન હતા. પોલીસની બીજી ટીમ રાજુ ભટ્ટના નિઝામપુરા વિસ્તારના ઘેર પણ પહોંચી હતી પણ પોલીસને સફળતા મળી ન હતી. બંને ઘેરથી ભાગી છૂટ્યા હોવાનું પોલીસે જણાવ્યું હતું, જેથી બંનેનાં આશ્રયસ્થાનોની માહિતી મેળવી તપાસ શરૂ કરાઈ છે. બીજી તરફ પોલીસે યુવતીની ફરિયાદ મુજબના પુરાવા એકત્ર કરવાનું પણ શરૂ કર્યું હતું. ચાટર્ડ એકાઉન્ટન્ટ અને પાવાગઢ મંદીરના ટ્રસ્ટી સામે દુષ્કર્મનો ગુનો નોંધાતા શહેરમાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે.પોલીસે બંને ફરાર આરોપીઓની શોધખોળ સઘન બનાવી છે. પોલીસે મંગળવારે યુવતીને બોલાવી હતી અને તેનું સીઆરપીસીની કલમ ૧૬૪ મુજબનું નિવેદન લેવાયું હતું. પોલીસે ફરિયાદ નોંધીને તેણે લગાવેલા આરોપોની તપાસ શરૂ કરી હતી, જેમાં જે ગેસ્ટ હાઉસ અને ઓફિસનો ઉલ્લેખ કરાયો હતો તે સ્થળે પણ પોલીસ પહોંચી હતી. જે સ્થળે દુષ્કર્મ કરાયું હતું તે સ્થળે પણ તપાસ કરાઈ હતી અને યુવતીનાં કપડાં પણ કબજે કરાયાં હતાં.વડોદરા શહેરના દિવાળીપુરામાં રહેતી એલએલબીનો અભ્યાસ કરી રહેલી ૨૪ વર્ષીય યુવતી પર દુષ્કર્મ ગુજારવાના ચકચારી બનાવમાં ફરિયાદ નોંધાયા બાદ પોલીસે યુવતીએ લગાવેલા આરોપોની ઊંડી તપાસ શરૂ કરી હતી તથા પુરાવા પણ એકત્ર કરાઈ રહ્યા છે. ફરિયાદ નોંધાયા બાદ સીએ અશોક જૈન અને પાવાગઢ મંદિરના મુખ્ય ટ્રસ્ટી રાજુ ભટ્ટને ઝડપી લેવા પોલીસે ૨ ટીમે ઘર સહિત આશ્રયસ્થાનો પર દરોડા પાડ્યા હતા, પણ બંને આરોપી મળ્યા ન હતા.